સુરસંગભાઈ ચૌહાણ

# પાયો અને પડથાર



ઝાડનાં પારખાં ફળ પરથી

શ્રેણી : ૧૬

લોકભારતી પ્રકાશન – સણોસરા

## ઝાડનાં પારખાં ફળ પરથી શ્રેણી : ૧૬

# પાયો અને પથાર



– સુરસંગભાઈ ચૌહાણ

લોકભારતી પ્રકાશન

સણોસરા – ૩૬૪ ૨૩૦

 તાલુકા : શિહોર (જિ. ભાવનગર)

ગુજરાત. ભારત. **(India)**

પ્રકાશક :

નિયામકશ્રી, લોકભારતી, સણોસરા.

આવૃત્તિ પહેલી : માર્ચ ૧૯૮૩

ઇ–બુક આવૃત્તિ : ૨૦૧૬

સંકલન : જુગલકિશોર

૧૨, સત્યનારાયણ સોસાયટી – ૧, અમદાવાદ – ૫૧.

ફોન : ૯૪૨૮૮૦૨૪૮૨ / ઇ–મેઇલ : jjugalkishor@gmail.com

## અનુક્રમ

ઉપહાર ........ 4

લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર! ........ 5

પૂર્વભૂમિકા ........ 7

મારા નવા વિસ્તારનો પરિચય ........ 8

કાર્યારંભ ........ 10

ત્રણ શિખામણ ........ 14

ગૃહપતિ તરીકે ........ 15

સ્વ. બબલભાઈની પ્રેરણા ........ 16

સ્વકષ્ટસહન-પરિવર્તનનો ઉપાય ........ 18

શિક્ષણની સુંદર છાપ ........ 20

દુષ્કાળ પાર ઊતર્યા ........ 23

કુઠારાઘાત ........ 24


નવજીવન ........ 25

નવા સંચાલક મંડળની સ્થાપના ........ 26

સમસ્યાઓ અને તેના ઉકેલ ........ 27

શ્રી સુરસંગ ચૌહાણ ........ 36

## ઉપહાર



રસોઈની પરીક્ષા ખાઈને થાય છે, તેના આકાર-પ્રકારથી નહીં. તેવી જ રીતે શિક્ષણસંસ્થાઓની કસોટી તેના વિદ્યાર્થીઓએ બહાર ગયા પછી કેટલો અને કેવી રીતે સંસારનાં અંધારાં-અજવાળાંમાં રસ્તો કાઢયો તે છે.

નાનાભાઈના સોમા જન્મદિવસના નિમિત્તે જે વિવિધ કામગીરી થઈ, તેમાંની આ એક કામગીરી છે. ગ્રામદક્ષિણામૂર્તિ અને લોકભારતીના ગ્રામપ્રદેશ અને પછાત સમાજની પુનર્રચના સાથે સંકળાયેલાં કેટલાંક ભાઈઓ–બહેનોની આ અનુભવકથાઓ છે. આમાંનાં કેટલાંક ખેતી, સહકાર, પંચાયત, શિક્ષણ, ગોપાલન સાથે સંકળાયેલાં છે, સરકારી અમલદારો છે, ધારાસભ્યો છે, જેલ સુપરિન્ટેન્ડેન્ટ પણ છે.

વાચકો આ વિવિધ ક્ષેત્રોમાં કામ કરી રહેલાંના ઓછી કે વધુ સુઘડતાવાળા અહેવાલોમાં **सूत्रे मणिगणा इव** એમણે લીધેલ શિક્ષણનો દોર જોઈ શકશે. પૂર્વ અને દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં, કચ્છ કે ઝાલાવાડમાં શિક્ષણ કે ગ્રામવિકાસકાર્યમાં પરોવાયેલાના આવા બીજા ડઝનબંધ અહેવાલો પ્રાપ્ત થઈ શકે. પણ હાલ તો આટલો ઉપહાર જ ગુજરાત પાસે ધરીએ છીએ.તેમાં અમારા સામર્થ્યની કોઈ વશેકાઈ નથી; પણ જે મહાત્માએ આ ગુજરાતમાં ખૂણે ખૂણે તેજ પાથર્યાં તેમના તપનો એ પ્રભાવ છે.

સદ્ ગ્રંથોના માધ્યમથી સદગુણો ખીલવવા અને જનસેવાનાં કાર્યો કરનારાઓને પ્રેરક બની રહે તેવું સાહિત્ય પ્રકાશિત કરાવનાર સામાજિક અને સહકાર ક્ષેત્રના અગ્રણી શ્રી વિઠ્ઠલભાઈ અમીને શ્રી વિ.પી. અમીન ફાઉન્ડેશન તરફથી આ કાર્ય માટે આર્થિક સહયોગ આપ્યો છે. એ માટે તેમનો આભાર.

– **મનુભાઈ પંચોળી** (લોકભારતી-સણોસરા તા.૧૬-૩-૮૩)

## લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર !



લોકભારતી એ કોઈ સ્થૂળ વસ્તુ નથી. લોકભારતી તો એક વિચાર છે. આ સંસ્થા લોકાભિમુખ–ગ્રામાભિમુખ કેળવણી–જગતનું સત્ય છે. અને એટલે જ એના સ્થાપક ઋષિવર્ય નાનાભાઈ કહેતા કે, "લોકભારતીના વિચારો જે સમજે અને જીવનમાં આચરે તેની છે આ લોકભારતી." ગાંધીજીએ પોતાના જીવનમાં પોતાના ઉપર કરેલા પ્રયોગોમાંથી જે પ્રયોગો સફળ રહ્યા તેને સામાજિક સ્વરૂપ આપ્યું તેમ નાનાભાઈએ તેમની ત્રણે સંસ્થાઓમાં કરેલા શિક્ષણ–પ્રયોગોને પોતાના અભ્યાસ અને અનુભવથી ઘડીઘડીને જે પ્રયોગો સફળ થયા તેને સમાજ સમક્ષ તેના વ્યાપક અમલ માટે મૂક્યા. સ્વાભાવિક રીતે જ તેના વાહકો આ ત્રણે સંસ્થાના ઉત્સાહી અને સમર્પિત એવા વિદ્યાર્થીઓ રહ્યા છે.

નઈતાલીમનું, લોકભારતીત્વનું વિશ્વબજારમાં આજે માર્કેટિંગ થવું અનિવાર્ય છે. કારણ કે વિકાસ નામની ઉધઈ આપણી પ્રકૃતિ અને સંસ્કૃતિને સાવ ખોખલી કરી મૂકે તે પહેલાં જાગી જવું બહુ જરૂરી છે. આના જ સંદર્ભે, લોકભારતીના કેટલાક વિશેષ સફળ થયેલા વિદ્યાર્થીઓનાં કાર્યો–અનુભવોની નોંધ "ઝાડનાં પારખાં ફળ પરથી" એ શીર્ષકથી લોકભારતીએ પ્રગટ કરેલી ૨૬ પુસ્તિકાઓમાં રજૂ થઈ છે, જેણે સમાજને જીવનલક્ષી શિક્ષણના ઉત્તમ દસ્તાવેજો પૂરા પાડ્યા છે. નઈતાલીમનો સંસ્કારાયેલો વિદ્યાર્થી શું શું કરી શકે છે તેની નક્કર વાતો તેમાં રજૂ થઈ છે. તેમાં બહુ સહજ રીતે લોકભારતીત્વ ઉજાગર થયું છે.

છપાઈને હજારો વાચકો સુધી પહોંચેલા આ બહુ મૂલ્યવાન અનુભવોને આધુનિક સમયમાં ઉપલબ્ધ એવી ઇન્ટરનેટ સુવિધાઓનો લાભ આપીને વિશ્વભરમાં પહોંચાડવાની વાત, લોકભારતી દ્વારા સન્માનિત અમારા પૂર્વ વિદ્યાર્થી અને 'કોડિયું'ના સહતંત્રી **શ્રી જુગલકિશોરભાઈ** દ્વારા રજૂ થઈ, એટલું જ નહીં પણ એ બધી જ પુસ્તિકાઓનું પ્રૂફરીડિંગકાર્ય સંભાળી લીધું સાથે સાથે ગ્રાફિકને લગતાં તથા પ્રકાશનનાં કાર્યોમાં મુંબઈના **શ્રી તુષાર મહેતા** ની કિંમતી મદદ

લઈને તેમણે આ કાર્ય પાર પાડવાની તૈયારી બતાવી, ત્યારે સહજ રીતે જ એ વિચારને ઉત્સાહભેર વધાવી લેવામાં આવ્યો.

ઇન્ટરનેટ પર ઈ–બુકરૂપે હજારો પુસ્તકો પ્રગટ થવા લાગ્યાં છે ત્યારે એ ટૅકનોલૉજીને આ સફળ થયેલાં કાર્યો માટે પણ પ્રયોજવાનું નક્કી કરવામાં આવ્યું. આના માટેના જરૂરી ભંડોળ સારુ ઇન્ટરનેટ પર એક નાનકડી અપીલ કરી તો તરત જ જે પ્રોત્સાહક પ્રવાહ વહ્યો તેમાં જરૂરી બજેટ કરતાં પણ વધુ મદદ હતી ! સર્વશ્રી ગોપાલભાઈ પારેખ (નવસારી), ચિરાગ પટેલ (યુએસએ), અશોક મોઢવાડિયા (જૂનાગઢ) તથા રમેશ પટેલ (કેલિફોર્નિયા)ના તત્કાલીન પ્રતિભાવોએ અમને પ્રોત્સાહિત કર્યા.

આમાંના ***શ્રી રમેશભાઈ પટેલ –'આકાશદીપ'***ની મદદથી (કન્યા કેળવણીના આગ્રહી, તેમનાં સ્વ. માતુશ્રી **કાશીબહેન ઝ. પટેલ તથા સાહિત્યપ્રેમી પત્ની શ્રીમતી સવિતાબહેનના સૌજન્યે) તથા *શ્રી ચિરાગભાઈ પટેલ*ની મદદથી** આ બધી પુસ્તિકાઓનું પ્રકાશન થશે. આ સૌ સહયોગીઓના આપણે ખૂબ આભારી છીએ.

આવનારા સમયમાં શિક્ષણજગતને મૂલ્યવાન દિશા પ્રાપ્ત કરાવનારાં આ પ્રકાશનોને વૈશ્વિક ગુજરાતી વાચકો સુધી નઈતાલીમના આ નીવડેલા નક્કર અને ચમત્કારિક અનુભવો પહોંચાડવાનું અમારું કાર્ય સાર્થક થશે તેવી આશા સાથે –

**– અરુણભાઈ દવે. (મૅનેજિંગ ટ્રસ્ટી, લોકભારતી સણોસરા.)**

## પૂર્વભૂમિકા

સ્વ. પૂજ્ય નાનાભાઈ જન્મશતાબ્દી નિમિત્તે આ પુસ્તિકા લખવાની શરૂઆત કરું છું ત્યારે ૧૯૭૦ની સાલના ઑક્ટોબર માસના લોકભારતી નિવાસના મારા અંતિમ દિવસો નજર સમક્ષ તરવરે છે.

અભ્યાસકાર્ય તથા મહાસ્વાધ્યાય પૂર્ણ થઈ ગયા છે , વિદાયની તૈયારીઓ ચાલે છે. વિદાય સમારંભ ગોઠવાય છે. સાથી મિત્રો અને ગુરુજનોથી છૂટા પડવાનું થશે તેનો વિષાદભાવ હૃદયમાં ઘોળાય છે. આ સમયે એકાંત મળતાં, અહીં લોકભારતીનિવાસ દરમિયાન પસાર કરેલ - માણેલ સાડા ત્રણ વર્ષ માનસપટ પર અંકિત થાય છે. લોકભારતીપ્રવેશ સમયે મારો પ્રથમ દિવસ કેવો શોકમય હતો ! ક્યાંય ગમે જ નહિ. મન ચોંટે જ નહિ. બસ , ઘેર પાછા ચાલ્યા જવાનું મન થાય. કોઈક વિચિત્ર દુનિયામાં આવી ચડ્યો હોઉં એમ લાગ્યા કરે. વહેલી સવારે પાંચ વાગ્યે ઊઠવું , કાંતવું, ખાદી પહેરવી , સંડાસ સફાઈ કરવી, તાપમાં - તડકામાં ખેતીનાં કામ કરવાં - આ બધું કેમ ફાવે ? આ તો 'આવી ભરાણા ભાઈ, આવી ભરાણા' જેવું થયું. મૅટ્રિક સુધીનું શિક્ષણ ચીલાચાલુ પ્રકારની હાઈસ્કૂલમાં લીધું હતું એટલે આવાં બધાં કામ પ્રત્યે એક પ્રકારની સૂગ હતી. કેમે કરી છૂટે નહિ , પણ કુટુંબની આર્થિક પરિસ્થિતિ ઘણી નબળી એટલે આગળ અભ્યાસ કર્યા સિવાય છૂટકો નહોતો; કારણ કે તો જ ક્યાંક સારી નોકરી મળી શકે. આગળ અભ્યાસ માટે લોકભારતીમાં આવતી વખતે મનમાં એવી માન્યતા હતી કે "અહીં ઓછા ખર્ચે ઉચ્ચ શિક્ષણ મેળવી શકાય છે અને અહીં ભણનારને નોકરી જલદી મળી જાય છે." એટલે નોકરી જલદી મળી જાય એ લાલચે થોડી તકલીફ પડે તો પણ અહીં અભ્યાસ કરવો એવું મનને સમજાવવા મથામણ કરતો હતો. દિવસો પસાર થવા લાગ્યા. અહીંના વાતાવરણમાંથી જ ધીમેધીમે સમજાવા લાગ્યું કે ખાદી, શ્રમ, ગૃહકાર્ય, કાંતણ વગેરે શા માટે છે. એ અંગેના ભાવ અને સમજણ પણ હૃદય તેમ જ મગજમાં સ્થિર થવા લાગ્યા. અને જ્યારે વિદાયવેળા આવી ત્યારે તો સ્પષ્ટ અનુભવ થવા લાગ્યો કે ક્યાં લોકભારતીપ્રવેશનો મારો પ્રથમ દિવસ અને ક્યાં આજનો અંતિમ વિદાયદિન ! પ્રથમ દિવસે અહીંથી છૂટવા મથતો હતો જ્યારે આજે છૂટી શકાતું ન હતું. મતલબ કે અહીંના નિવાસ દરમિયાન જે સંસ્કારો દૃઢ થયા હતા, લાગણીના જે તાર વીંટાયા હતા તે એક બાજુથી ખેંચતા હતા. લોકભારતીનો અભ્યાસ પૂર્ણ થયો. હવે શું કરવું ? શિક્ષક બનવાની ઇચ્છા મનમાં ઘણા સમયથી સ્થિર થયેલી. આ બાબતના સંસ્કાર અને શિક્ષણ લોકભારતીમાં વધારે દૃઢ બન્યાં હતાં અને તેમાં પણ ખાસ કરીને બાલવાડી શિબિર તથા ગ્રામશિબિર વિશેષ અસરકર્તા બન્યાં. શિક્ષક બનવું હોય તો બી. એડ. કરવું અનિવાર્ય લાગ્યું તેથી ગુજરાત વિદ્યાપીઠ - અમદાવાદમાં ૧૯૭૧-૭૨માં બી. એડ. કર્યું અને સર્વોદય ઉત્તર બુનિયાદી વિદ્યાલય - ટંકારિયામાં ૧૯૭૨માં શિક્ષક તરીકે જોડાયો.

## મારા નવા વિસ્તારનો પરિચય

આ વિસ્તારને જૂના જમાનાથી બારાડી વિસ્તાર તરીકે ઓળખવામાં આવે છે. પૂર્વમાં ૩૦ કિલોમીટર દૂર ભાણ જેઠવા અને ધૂમલીના મધ્યયુગીન અવશેષોને સાચવીને પથરાયેલા ઇતિહાસપ્રસિદ્ધ બરડો ડુંગર, પશ્ચિમે ૧૦ કિ.મી. દૂર નિશદિન ઘૂઘવતો અરબી સમુદ્ર અને ખ્યાતનામ હરસિદ્ધિ માતાનું મંદિર, ઉત્તરે યુગ-યુગાંતરોથી અગણિત ભાવિકોનાં હૃદયને જીતનાર પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણની દ્વારિકા નગરી અને દક્ષિણે ૫૭ કિ.મી. દૂર અનંત યુગો સુધી સમગ્ર વિશ્વ જેમને યાદ કરશે તે પૂજ્ય મહાત્મા ગાંધીજીની પાવન જન્મભૂમિ સુદામાપુરી આવેલ છે. આવાં સુપ્રસિદ્ધ સ્થળોની વચ્ચે સૌરાષ્ટ્રના છેક પશ્ચિમ છેડે જામનગર જિલ્લાના અતિ પછાત એવા જામકલ્યાણપુર તાલુકાના ટંકારિયા ગામે આ સંસ્થા આવેલી છે. અહીંનું નજીકમાં નજીક શહેર પોરબંદર ૫૭ કિ.મી. દૂર આવેલું છે.

જામનગર જિલ્લાનો આ લગભગ કાયમી અછતગ્રસ્ત વિસ્તાર છે. સરેરાશ વરસાદ ૮ થી ૧૦ ઈંચ પડે છે. કચ્છનું રણ નજીક હોવાથી દર દસ વર્ષમાં છ થી સાત વર્ષ દુષ્કાળના હોય જ . પાણીની અછતને કારણે ફક્ત ચોમાસુ પાક જ લેવાય છે. ઉનાળાના છેલ્લા બે માસમાં લગભગ ૮૦ થી ૮૫ ટકા ગામડાઓમાં પીવાના પાણીની પણ સખત તંગી ઊભી થાય છે. જમીનના તળમાં પણ પાણી નહિવત્ છે. પાંચસાત ફૂટની ઊંડાઈએ સખત કાળો પથ્થર આવે છે. દરિયો નજીક હોવાથી વધુ ઊંડાઈએ જતાં પાણી ભાંભળાં બની જાય છે. આ ઉપરાંત આ વિસ્તારામાં જળસિંચનની યોજનાની પણ સુવિધા નથી. દરિયાનો સખત પવન, ઓછો વરસાદ અને પથરાળ જમીનને કારણે વનસ્પતિ પણ નહિવત્ છે . આ રીતે આ વિસ્તાર લગભગ કાયમી અછતગ્રસ્ત છે.

- સામાજિક સ્થિતિ

આ વિસ્તારમાં ૯૦ ટકા વસ્તી આહીર , મેર, કોળી અને સતવારા જેવી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની છે . તેના રૂઢિગત રિવાજો જેવા કે બાળલગ્ન , મરણોત્તરક્રિયા , કન્યાવિક્રય , અસ્પૃશ્યતા વગેરે સારા પ્રમાણમાં ફાલ્યાફૂલ્યા છે. મધપાન , કુસંપ, અજ્ઞાન, અંધશ્રદ્ધા અને નિરક્ષરતા હજુ ઘણા પ્રમાણમાં જોવા મળે છે. સ્વભાવે ઝનૂની પ્રજા હોવાથી ખૂન અને મારામારીના બનાવો વિશેષ બને છે. અજ્ઞાનને કારણે આરોગ્ય વિષયક સૂટેવો કે રાષ્ટ્રીય ભાવના જેવા ગુણોનો સદંતર અભાવ દેખાય છે.

- શૈક્ષણિક સ્થિતિ

અક્ષરજ્ઞાનની દૃષ્ટિએ જામનગર જિલ્લાનો આ સૌથી પછાત તાલુકો છે. ૧૯૭૦ના આંકડા મુજબ આ તાલુકાના ૩ ર.૭૩ ટકા લોકો અક્ષરજ્ઞાન ધરાવતા હતા. ૧૯૭૬-૭૭ના વર્ષના આંકડા અનુસાર આ

તાલુકાની વસ્તી ૯૧૫૯૫ હતી , જેમાંથી ૧૧૦૦૦ બાળકોનાં નામ પ્રાથમિક શાળામાં નોંધાયેલાં હતાં. તેમાં પણ સાતમા ધોરણમાં ફક્ત ૩૪૧ વિદ્યાર્થીઓ જ હતા. આ આંકડા આ વિસ્તારની શિક્ષણની વાસ્તવિક પરિસ્થિતિનો ખ્યાલ આપે છે.

કન્યાકેળવણીનો લગભગ અભાવ છે તેમ કહી શકાય. આ તાલુકાની ૧૩.૦૭ ટકા બહેનો અક્ષરજ્ઞાન ધરાવે છે. આજે પણ અહીંની ખેડૂત પ્રજા પોતાની કન્યાને શાળાએ મોકલવાનું પસંદ કરતી નથી. જે કન્યાઓ ભણે છે તે મોટે ભાગે વેપારી વર્ગ અથવા ઉજળિયાત વર્ણની જ હોય છે. છેલ્લાં પાંચેક વર્ષથી આ બાબતમાં સુધારો થતો જાય છે.

માધ્યમિક શિક્ષણ માટે આ તાલુકામાં ૧૯૭૦ સુધીમાં ફક્ત બે જ વિદ્યાલયો હતાં , જે ચીલાચાલુ પ્રકારની હાઈસ્કૂલો હતી. ઉચ્ચ શિક્ષણની સુવિધા તો આ તાલુકામાં આજે પણ નથી.

ઉપરોક્ત ભૌગોલિક, સામાજિક અને શૈક્ષણિક પરિસ્થિતિનું અધ્યયન , ચિંતન અને મનન કરતાં અહીંના સ્થાનિક વિસ્તારને અને ખેડૂતોનાં બાળકોને ઉપયોગી એવું શિક્ષણ આપવું જોઈએ એવો વિચાર અહીંના ખેડૂત આગેવાન શ્રી મસરીભાઈ વારોતરિયા અને રચનાત્મક કાર્યો સાથે સંકળાયેલા શ્રી બાબુભાઈ ને આવ્યો. આ દૃષ્ટિએ અહીં ટંકારિયા ગામે સને ૧૯૭૦ની ૨૦મી જૂને શ્રી સર્વોદય ઉત્તર બુનિયાદી વિદ્યાલયની સ્થાપના કરવામાં આવી.



**જૂના દરબારગઢમાં ઉત્તર બુનિયાદી શાળા**

## કાર્યારંભ

હું સને ૧૯૭૨ની ૧૨મી જૂને આ સંસ્થામાં જોડાયો ત્યારે આ સંસ્થાને લગભગ બે વર્ષ પૂર્ણ થયાં હતાં. લોકભારતીમાં હતો ત્યારે આ સંસ્થા વિષેના ખ્યાલો આવા પ્રકારના હતા : સંસ્થામાં સાદા છતાં સુઘડ મકાનો હશે, વૃક્ષો નીચે ઋષિ પરંપરાની જેમ શિક્ષણ અપાતું હશે. છાત્રો અને કાર્યકર્તાઓ તેમ જ તેમના પરિવાર વચ્ચે કૌટુમ્બિક ભાવના ખીલી હશે , સુંદર મજાની કાર્યક્ષમ ખેતી હશે. વાતાવરણમાં ઉત્સાહ અને તાજગી હશે.

પરંતુ પ્રથમ દિવસે જ મારું આ સ્વપ્ન તૂટી પડ્યું. અહીં આમાંનું કશું જ જોવા ન મળ્યું. મનમાં હતું કે સંસ્થાને સ્થપાયાં બે વરસ થયાં છે તેથી ઠીક ઠીક વિકાસ થઈ ગયો હશે , પરંતુ પ્રથમ દર્શને જ મારી આશા નિરાશામાં પરિણમી.

બરાબર ગામની વચ્ચે લગભગ ૩૦૦ વર્ષ જૂનો, જર્જરિત થઈ ગયેલો નાનકડો ગઢ હતો, તેના એક નાનકડા ભાગમાં આ વિદ્યાલય ચાલતું હતું. ગઢમાં રહેણાકના બે કાચા ઓરડા, જેનું છાપરું પણ પડું પડું થતું હતું. એકમાં કાર્યાલય અને બીજામાં આઠમા ધોરણનો વર્ગખંડ. બાજુમાં ૧૫'x૧૨'નું એકઢાળિયું તે છાત્રાલય, તેમાં નવમા ધોરણનો વર્ગ પણ બેસે. સામેની બાજુએ ૧૦ 'x૮'નું લોખંડનાં પતરાં જડેલું એકઢાળિયું ઉતારવામાં આવેલું તે રસોડા અને કોઠાર બંને તરીકે કામ આવે. વચ્ચે નાનકડો એક ચોક.



**વર્ગો અને છાત્રાલયની રૂમો**

મને અહીંના માનદ આચાર્ય શ્રી બાબુભાઈ રાવલે આ બધું બતાવ્યું અને કહ્યું , "આ આપણી સંસ્થા. તમારે અહીં કાર્યાલયમાં જ રહેવાનું. વિદ્યાર્થીઓ ધીમા ધીમે આવશે. શિક્ષકમાં અત્યારે તો તમે એક જ છો , બીજા શિક્ષકો બેચાર દિવસમાં આવી જશે. હું પંદર દિવસ પછી આવીશ." આટલું કહી

ગામના બે આગેવાનોનો પરિચય કરાવી વિદ્યાલયના રૂમની ચાવીઓ આપી, તેઓ પોતાને ગામ રાવળ ગયા, જે ગામ અહીંથી ૭ કિ.મિ. દૂર થતું હતું.



**છાત્રાલયનું રસોડું**

વિદ્યાલયમાં હું એકલો પડ્યો. કાર્યાલયનો ઓરડો ખોલ્યો. તેમાં દફતર , છાત્રોના બિસ્ત્રા , રસોડાનાં વાસણો, થોડા ઘઉં, મગ અને ડુંગળી-બધું અવ્યવસ્થિત પડ્યું હતું. બીજો ઓરડો ઉઘાડ્યો તો તેમાં વિદ્યાલયનું બધું ફર્નિચર અવ્યવસ્થિત ખડકેલું હતું. કાટ ખાઈ ગયેલા લોખંડનાં દસેક પતરાં, ભાંગી ગયેલા રેંટિયા અને અંબર ચરખા ધૂળ ખાતા પડ્યા હતા. બધે જ ધૂળના થર જામી ગયા હતા. એકઢાળિયાને તો તાળું દેવાય તેવી પરિસ્થિતિ જ ન હતી. એ તો ખુલ્લું જ પડ્યું હતું.

મને વિચાર થયો કે હવે શું કરવું ? લોકભારતીના સંસ્કારો સળવળી ઊઠ્યા. શ્રમમાં શરમ શાની ? શ્રમની પવિત્રતા અને ગૌરવનું જે ભાથું મળેલું તે આ સમયે કામ આવ્યું. "જાત મહેનત ઝિંદાબાદ" એ સૂત્ર અનુસાર સફાઈના કામે વળગ્યો. બે કલાકના સતત શ્રમ બાદ એકઢાળિયાની સફાઈ પૂરી થઈ. બપોર પછી ઑફિસ અને બીજા ઓરડાને કંઈક વ્યવસ્થિત કરી શક્યો.

બીજે દિવસે ગામમાં ખબર પડી કે હાઈસ્કૂલમાં (અહીં વિદ્યાલયને હાઈસ્કૂલ તરીકે ઓળખે છે.) નવા સાહેબ આવી ગયા છે. એટલે સવારમાં દસમા ધોરણના બે અને નવમા ધોરણના બે એમ ચાર વિદ્યાર્થીઓ આવ્યા. વિદ્યાલયનો શુભારંભ પ્રાર્થનાથી કર્યો. પછી વ્યક્તિગત પરિચય મેળવી થોડી પ્રાસંગિક વાતો કરી. ત્યારબાદ સફાઈ કાર્યમાં જોડાયા. વિદ્યાર્થીઓના મનમાં પ્રતિભાવ ઊભા થયા : "આ તો સાહેબ પણ આપણી સાથે શ્રમ કર્યા કરે છે." તેમને મન આ એક મોટું આશ્ચર્ય હતું. "સાહેબ કાંઈ કામ

કરે ? તેઓ તો ફક્ત કામ ચીંધે." ધીરે ધીરે આ વાતની જાણ વાલીઓને થઈ અને ગામના અન્ય લોકોએ પણ જાણી. એને લાગ્યું કે આ માસ્તર કાંઈક જુદી ખોપરીના છે.



**ધોરણ ૮-૯ના વર્ગખંડો**

એક દિવસ સફાઈ કરતાં કરતાં એક ઓરડામાંથી એક વીંછી અને બે સાપોલિયાં (પડકાં) નીકળ્યાં. સાપનો તો ડર લાગે જ. વિદ્યાર્થીઓ કહે , "સાહેબ, અહીં તો લગભગ સાપ નીકળે છે. તમે સાપથી ડરો છો ? લાવો, અમે ફગાવી દઈએ." તેમણે સાપોલિયાંને સામેના વાડામાં ફગાવી દીધાં. મારા હૃદયમાં ધક્ ધક્ તો ચાલુ જ હતું.

ચોથે દિવસે બીજા ત્રણ શિક્ષકો હાજર થયા. તેમાં બે સી.પી.એડ. અને એક બી.એસ.સી. હતા. વિજ્ઞાન શિક્ષક મારી પહેલાં છ માસે આ વિદ્યાલયમાં દાખલ થયા હતા એટલે તેઓ અમારામાં સિનિયર હતા. એ ત્રણેય અધ્યાપકો કૉલેજમાં શિક્ષણ મેળવેલા હતા. એટલે આવા બુનિયાદી વાતાવરણથી ટેવાયેલ ન હતા. તેમને પ્રાર્થના, ગૃહકાર્ય, વિદ્યાર્થીઓ સાથેના આત્મીય સંબંધો, વગેરેમાં બિલકુલ રસ ન હતો. તેઓ મને પણ આવાં કામો કરતાં રોકવા માંડ્યા. તેઓ કહે , "વિદ્યાર્થીઓ સાથે બહુ હળાય-ભળાય નહિ. નહિ તો આપણને જ હેરાન કરે. 'તેરી બિલ્લી તુજસે મ્યાઉં' જેવી દશા થાય. વિદ્યાર્થીઓ આપણું માને નહિ, પછી આપણો પ્રભાવ પડે નહિ. પ્રાર્થના તો વિદ્યાર્થીઓ જાતે કરી લે. આપણે શિક્ષકોએ પ્રાર્થનામાં જવાની કાંઈ જરૂર નહિ. શ્રમમાં પણ આપણે શા માટે જોડાવું જોઈએ ? એ તો વિદ્યાર્થીઓ કર્યા કરે. આપણે તો ફક્ત ઉપર ઊભા રહી કામ ચીંધવાનું જ હોય."

અહીંનું વાતાવરણ કેવું છે તે જાણવા માટે મેં આ બધું સાંભળવાનું જ રાખ્યું. તાત્કાલિક આ વાતોનો વિરોધ કરવા કરતાં જાણી સમજીને અનુકૂળ સમયે વળાંક આપવાનું વધારે યોગ્ય માન્યું.

મનમાં એટલી વાત તો ચોક્કસ ઠસી ગઈ હતી કે આ સંસ્થા લાંબો સમય ચલાવવી હોય તો આ બુનિયાદી વિચારોથી અપરિચિત એવા કાર્યકર્તાઓ બિલકુલ ચાલે નહિ. લોકભારતી જેવી સંસ્થાઓમાં શિક્ષણ મેળવેલા કાર્યકર્તાઓ મળે તો જ આ કાર્યને વધારે વેગ મળે અને સોનામાં સુગંધ ભળે.

## ત્રણ શિખામણ

શરૂઆતના દિવસોમાં અહીંના અમારા સિનિયર અધ્યાપક પાસેથી વણમાગેલી ત્રણ શિખામણ મળેલી.

(1) અહીં પગાર નિયમિત આપતા નથી એટલે અન્ય જગ્યાએ સારી નોકરી મળે તો તે પ્રયત્નમાં રહેવું.

(2) આ વિદ્યાલયના મકાનમાં ભૂત થાય છે તેથી રાત્રે એકલા અહીં સૂવું નહિ.

(3) વિદ્યાર્થીઓને ભણાવવા નહિ કારણ કે અહીંની પ્રજા ભણશે તો આપણને જ અહીંથી કાઢશે , એટલે "ઊઠ પાણા પગ પર" જેવું આપણે આપણી જાતે જ કરવું.

આ શિખામણથી હું ઊંડા વિચારમાં પડી ગયો. ભૂતની બાબતમાં તો કાંઈ તથ્ય જણાયું નહિ કારણ કે છેલ્લાં સાત દિવસથી તો હું અહીં રાત્રે એકલો સૂતો હતો. જો પગાર નિયમિત ન મળે તો મોટી મુશ્કેલી ઊભી થાય. વતન અહીંથી ૪૦૦ કિ.મિ. દૂર. ઘેરથી પૈસા મગાવી શકાય તેવી પરિસ્થિતિ નહિ. આ બાબતે આચાર્યશ્રી સાથે વાત કરવાનું નક્કી કર્યું. વિદ્યાર્થીઓને ન ભણાવવા તે વાત સમજમાં ન આવી. જો ખરેખર વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવો હોય અને સંસ્થાને સ્થિર કરવી હોય તો ચાલુ કૉલેજમાંથી અભ્યાસ કરીને આવતા શિક્ષકો આવતા વિદ્યાલયમાં ન જ ચાલે. આ ભાવના વધુ દૃઢ થઈ. જો કાર્યને વ્યવસ્થિત ગોઠવવું હોય અને વેગવંતું બનાવવું હોય તો બુનિયાદી શિક્ષણ પદ્ધતિમાં શ્રદ્ધા ધરાવતા લોકભારતીના સ્નાતકો વધારવા જોઈએ. વળી આ ઉત્તર બુનિયાદી વિદ્યાલય હોવાથી કાર્યકર્તાઓમાં સી.પી.એડ.ને બદલે ખેતી વિષયના જાણકાર શિક્ષક વધારે ઉપયોગી બને તેવું અનુભવે જણાયું.

પંદર દિવસમાં વિદ્યાલયના શિક્ષકનું કાર્ય વ્યવસ્થિત ગોઠવાઈ ગયું. દસમા ધોરણમાં ત્રણ , નવમા ધોરણમાં સાત અને આઠમા ધોરણમાં સત્તર વિદ્યાર્થીઓની સંખ્યા થઈ. જે શિક્ષક મિત્રોને અભ્યાસ કરાવવામાં રસ ન હતો તેમની સાથે આત્મીય અને પ્રેમભર્યા સંબંધો બાંધી તેમની માન્યતાઓમાં થોડો ઘણો ફેરફાર કરાવી શક્યો. બંને સી.પી.એડ. મિત્રો નવા અને થોડા ઉત્સાહી હતા , તેથી તેઓ યથાશક્તિ હોંશે હોંશે કાર્ય કરતા હતા.

## ગૃહપતિ તરીકે

છાત્રાલયના ગૃહપતિ તરીકેની જવાબદારી મારે સંભાળવાની હતી. સત્ર શરૂ થયા પછી આઠ દિવસે બપોરના ત્રણ વાગ્યે ત્રણ જુવાનો ખડબડ કરતા કરતા આવ્યા. આ સમયે હું વાંચન કરતો હતો. કંઈક અવાજ થતાં મેં તેમના તરફ નજર કરી. ચોરણી ઉપર આંગડી , પગમાં દેશી જોડા અને ખભે કોથળામાં કાંઈક સામાન ભરેલો એવા ત્રણ જણા ચાલ્યા આવે. સાવ નજીક આવ્યા પછી તેઓ બોલ્યા. “સાહેબ ! રામરામ !” મેં પણ સામેથી રામરામ કર્યા. પહેલી નજરે લાગ્યું કે કોઈ વાસણનો ભંગાર લેવા-વેચવાવાળા હશે. મેં કહ્યું, “શું ભાઈ, કાંઈ કામ છે ?” તેઓ બોલ્યા, “સાહેબ, અમે અહીંના છાત્રાલયના વિદ્યાર્થીઓ છીએ.” ત્યારે જ મને ખ્યાલ આવ્યો કે યુવાવસ્થામાં પ્રવેશી ચૂકેલા અમારા આ “બાલદેવો” આવી પહોંચ્યા હતા.

આ છાત્રાલયમાં આવા સાત યુવાન બાળકો અને પાંચ કિશોર બાળકો હતાં. દરેકના વાલીનો વ્યવસાય ખેતી હતો. ખેતર , વાડી અને ગામ આ સિવાય તેમની પાસે વિશેષ જાણકારી ન હતી. આ પરિસ્થિતિ મારા માટે વિશેષ અનુકૂળ બની, કોરી પાટી જેવા તેના માનસમાં જે સંસ્કાર પાડવા હોય તે પડી શકે તેમ હતા.

સવારના સાડાપાંચ વાગ્યે ઊઠવું તેમના માટે સહજ હતું. કોઈ પણ કામ સોંપતા જવાબદારીપૂર્વક કામ કરવું , આત્મીયતા અને સ્નેહભર્યા સંબંધો - આ બધી અનુકૂળતા હતી પરંતુ વ્યક્તિગત સ્વચ્છતા. અથવા જાહેર સ્થળોની સ્વચ્છતા અંગેની તેની ગ્રંથિ જરાપણ વિકસેલી નહી. સવારે ઊઠ્યા પછી મોઢાની સફાઈ , શૌચાદિ, સ્નાન, કપડાં, વાળ, આવાસ, વાસણ અને આજુબાજુનાં સ્થળો વગેરેની સફાઈમાં તેઓ પૂરેપૂરું દુર્લક્ષ સેવતા હતા.

અપશબ્દો બોલવાની ટેવ પણ તેમના લોહીમાં જ હતી. જોકે અહીંના સામાજિક વાતાવરણમાં ગાળો બોલવી એ સ્વાભાવિક હતું. ગાળો બોલવામાં તો જાણે સુરત જિલ્લાવાળા પણ તેની પાછળ રહી જાય. અને આ બારાડી વિસ્તાર નંબર મેળવી જાય. અહીં ઘરમાં અને જાહેર સ્થળોએ પણ ગાળો સાંભળવા મળે. જાહેર પ્રવચનોમાં પણ રોટલી માંહેના મોણની જેમ વાતવાતમાં ગાળનું મોણ તો ખરું જ. શ્રમ પ્રત્યેની સૂગ ઓછી પણ રસોડાનાં ગૃહકાર્ય , સફાઈ વગેરે પ્રત્યે સારી એવી સૂગ દેખાય ; કારણ કે આવાં કામ તો છોકરીઓ અને સ્ત્રીઓ જ કરે એવી માન્યતા. પુરુષોથી કાંઈ આવાં કામ કરાય ? મનમાં સ્થિર થઈ ગયેલી આવા પ્રકારની ગ્રંથિ છોડાવવી અઘરી પડે તેમ હતું. ધૂમ્રપાનનું દૂષણ પણ ઠીકઠીક પ્રમાણમાં જોવા મળ્યું.

## સ્વ. બબલભાઈની પ્રેરણા

ઉપરોક્ત ટેવો અને તકલીફો સૂચન કે સામાન્ય સમજાવટભરી વાતથી જાય તેમ ન લાગ્યું. છાત્રો, શિક્ષકો અને ગૃહપતિનાં વર્તન ઉપરથી ઘણું શીખતા હોય છે. આ શિક્ષણ અને સંસ્કારની છાપ કાયમી અને ઊંડી હોય છે. આ બોધપાઠ મને લોકભારતીનિવાસ દરમિયાન બાલવાડી શિબિરમાંથી મળેલો.

એ વખતે મહેસાણા જિલ્લાના ઝિલિયા ગામે ત્યાંની સંસ્થામાં બાલવાડી શિબિર યોજાયેલો. ત્યાં મારા ભાગે ગૃહકાર્યમાં રસોડાની આજુબાજુ સફાઈ કરવાનું આવેલું. મને વહેલું ઊઠવું બહુ ન ગમે. એટલે હું સફાઈ કરવા થોડો મોડો જતો. આ શિબિરમાં સ્વ. બબલભાઈ મહેતા પણ આવેલા. તેમની નજરમાં હું આવી ગયો. બીજે દિવસે સફાઈ કરવા ગયો તો સ્વ. બબલભાઈ ત્યાં ઝાડુ લઈને સફાઈ કરે. હું આ જોઈને ખૂબ જ શરમિંદો બની ગયો. બીજે દિવસે વહેલા ઊઠી સફાઈ કરવા જવાનું મનોમન નક્કી કર્યું . પણ સવાર થઈ ત્યારે એ જ સ્થિતિ - વહેલા ન જવાયું. જ્યારે ગયો ત્યારે ફરી સ્વ. બબલભાઈ ઝાડુ લઈ સફાઈ કરતા દેખાયા. આ રીતે સતત ત્રણ દિવસ થયું. મને મનમાં ખૂબ દુઃખ થયું. હું મોડો જાગું છું માટે જ બબલભાઈને વધારે સફાઈ કરવી પડતી હતી. હવે તો મોડો ઊઠીશ જ નહિ એમ નિર્ણય કર્યો અને ખરેખર ત્યાર પછી નિયમિત થઈ ગયો.

આ પ્રસંગ મને જીવનનું સાચું શિક્ષણ આપી ગયો. તે આજે કામ લાગ્યો. સવારે વહેલો ઊઠીને છાત્રોની સાથે જ દાતણ કરવા બેસું જેથી ખ્યાલ આવે છે કે કોણ દાતણ કરવા નથી આવ્યું. સ્નાન કરવા પણ વિદ્યાર્થીઓની સાથે જ નીકળું. સ્નાન માટે વાડીઓમાં દૂર જવાનું હોય એટલે રસ્તામાં સફાઈ અને સ્નાન વગેરેની વાતો પણ થાય અને છાત્રોને ભીંત વગરનું ભણતર મળી જાય. કપડાં , વાળ આવાસ, શૌચાદિ વગેરેની સફાઈની વાતો કરવાથી છાત્રોમાં નોંધપાત્ર સુધારો જણાયો. અપશબ્દોની બાબતમાં હું વિશેષ સુધારો કરી શક્યો નહિ કારણ કે કુટુંબના અને સમાજના જે જૂના કુસંસ્કારો હતા તે કાઢવા અતિ કઠણ હતા; છતાં એટલું બન્યું ખરું કે વડીલોની હાજરીમાં બોલાવામાં સંયમ જાળવતા. રસોડાનાં ગૃહકામ તથા મેદાન સફાઈમાં હું જાતે જ જોડાતો. આથી તેઓના મનમાં સંકોચનો ભાવ હતો તે ધીરે ધીરે હતો રહ્યો. ધૂમ્રપાન બે-ત્રણ વિદ્યાર્થીઓ શોખથી કરતા, ટેવ ન હતી એટલે આ કુટેવ કાઢવામાં વિશેષ જહેમત ઉઠાવવી ન પડી.

હું છાત્રાલયમાં છાત્રોની સાથે જ બાજુના કાર્યાલયમાં રહેતો હતો અને તેમની સાથે જ જમતો હતો. અન્ય બે શિક્ષકો પણ મારી સાથે છાત્રાલયમાં રહેતા અને જમતા. તેઓ મોડી રાત સુધી જાગે , રેડિયો પર ફિલ્મના ગીતો સાંભળે, છાત્રાલયમાં સ્વાધ્યાય સમયે પણ મોટેથી વાતો કરે, મોડા ઊઠે. મને લાગ્યું કે વિદ્યાર્થીઓના સંસ્કાર ઘડતર માટે આ યોગ્ય ન ગણાય. એટલે તેમને સમજાવીને મકાન ભાડે

રાખવાનું સૂચવ્યું. તેઓને મારી આ વાત ગળે ન ઊતરી. તેમણે સવાલ કર્યો કે , "તમે શા માટે છાત્રાલયમાં રહો છો ?" મેં તેમને સમજાવ્યા કે "આપણા છાત્રાલયની પરિસ્થિતિ જોતાં ગૃહપતિએ છાત્રોની સાથે રહેવું વધારે જરૂરી છે. જો તમારે અહીં રહેવું હોય તે ગૃહપતિ તરીકેની જવાબદારી તમે સંભાળો - પણ તેઓ આ વગરપગારની જવાબદારી સંભાળવા તૈયાર ન હતા. તેથી ગામમાં રહેવા ગયા.

- પાવન પ્રસંગ

અહીં એક વાત ખાસ નોંધવાની કે આ વિદ્યાલય ચાલે છે તે ગઢ ગઢવીઓની માલિકીનો છે. જમાના સાથે કદમ ન મિલાવી શકવાથી સમય જતાં આ ગઢવીઓ ભાંગી ગયા. તેમનાં બે કુટુંબો આજે પણ આ ગામમાં છે. તેમાં એક કુટુંબમાં ફક્ત એક પ્રૌઢ વિધવા બહેન અને તેમની ત્રણ દીકરીઓ છે. તેમના ભાગના મકાનમાં જ આ વિદ્યાલય ચાલે છે. આ બહેનના પતિએ હું અહીં દાખલ થયો તે પહેલાં એકાદ મહિને ઝેરી દવા પી જીવનનો અંત આણેલો. આ બહેનનું નામ અમરબહેન . તેઓ છાત્રાલયની રસોઈ કરવા આવે ત્યારે ઘૂંઘટ કાઢીને આવે , ઘૂંઘટ કાઢીને રસોઈ કરે અને ઘૂંઘટ કાઢીને જાય. મને વિચાર આવ્યો કે આ બહેન આમ કેમ કરતાં હશે ? મેં માન્યું કે કદાચ તેમનામાં આવો રિવાજ હશે. પણ હું ગૃહપતિ અને તેઓ રસોયણ, એટલે વાતચીત કર્યા વગર કેમ ચાલે ? પણ ઘૂંઘટ કાઢે તેમની સાથે વાત કેમ કરવી ?

મેં એક નવો રસ્તો લીધો. આ બહેન સાથે સીધી રીતે વાત કરવાથી કોઈ કાર્ય થાય તેવું ન જણાયું. વળી તેમને આ કાર્યમાંથી છૂટા કરી શકાય તેવી પરિસ્થિતિ પણ ન હતી ; કારણ કે આ મકાન તેમની માલિકીનાં હતાં. વળી તેમની દુઃખભરી રામકહાની પણ સાંભળેલી એટલે થોડી હમદર્દી પણ ખરી. લોકભારતીમાંથી ભૂંકપ રાહત શિબિર અને રેલ રાહત શિબિરમાં અમે સ્વખર્ચે આપણાં દુઃખી ભાઈબહેનોને મદદ કરવા જતા હતા. અહીં તો સામે જ એક અસહાય અને વિધવા દુઃખી બહેન હતાં. તેમને શા માટે મદદરૂપ ન થવું ? આ બહેનની ત્રણેય દીકરીઓ નવ , સાત અને પાંચ વરસની હતી. મેં તેમની સાથે વાતો કરવાનું, વાર્તા કહેવાનું અને તેમને વાંચતાં-લખતાં શીખવવું શરૂ કર્યું. અઠવાડિયામાં તો એવો સંબંધ બંધાઈ ગયો કે સાંજના પાંચ વાગ્યે ત્રણેય બહેનો રસોડાની બાજુમાં મારી રાહ જોતી ઊભી હોય. મને એ ત્રણેય બહેનો મામા કહીને બોલાવવા લાગી. બીજે જ દિવસે આ અમરબહેનનો ઘૂંઘટ નીકળી ગયો. આજે પણ અમે સાથે બેસીને આ પ્રસંગ યાદ કરીએ છીએ ત્યારે હૃદય ભરાઈ આવે છે. આજે આ ત્રણમાંથી બે બહેનો મૅટ્રિક પાસ થઈ ગઈ છે અને ત્રીજી છ ધોરણ પાસ કરી ઘરકામમાં ગોઠવાઈ ગઈ છે.

## સ્વકષ્ટસહન-પરિવર્તનનો ઉપાય

છાત્રાલય સંચાલનના અનુભવે એટલું ચોક્કસ અનુભવવા મળ્યું કે છાત્રો અને કાર્યકર્તાઓ સાથે જેટલા આત્મીય અને પ્રેમભર્યા સંબંધો કેળવાય તેટલી સંચાલનમાં વિશેષ સરળતા રહે છે. તેનો અર્થ એવો નથી કે આવા સંબંધો વિકસાવવા માટે સિદ્ધાંતોની બાબતમાં પણ બાંધછોડ કરવી. ક્યારેક ક્ષણિક દુઃખ પણ થાય છતાં લાંબે ગાળે તે સહુને માટે હિતકારક નીવડે છે.

એક પ્રસંગ એવો બન્યો કે સાંજની પ્રાર્થના ચાલતી હતી. ચાલુ પ્રાર્થનાએ એક વિદ્યાર્થીએ આંગળીના ટચાકિયા ફોડવાનું શરૂ કર્યું. પ્રાર્થના પૂર્ણ થયા બાદ મેં આ અંગે થોડું ધ્યાન દોર્યું. પ્રાર્થનામાં બિલકુલ શાંતિ જળવાવી જોઈએ એ સમજાવ્યું. આ બાબતમાં મારો અતિ આગ્રહ પણ ખરો કે પ્રાર્થના વખતે બિલકુલ ગરબડ ચલાવી ન લેવાય. હજુ આ સૂચનાઓ આપતો હતો ત્યાં જ ફરી વખત ટચાકિયાનો અવાજ આવ્યો. હું થોડો વધારે ગુસ્સે થયો. આ કેવી રીતે ચલાવી લેવાય ? જેણે અવાજ કર્યો હોય તેને ઊભો થવા કહ્યું , પણ કોઈ ઊભું ન થયું. ફરી વખત સૂચના આપી કે જેણે અવાજ કર્યો હોય તે સાચું બોલી જાય, નહિ તો મારે બધાને શિક્ષા કરવી પડશે. પણ કોઈ બોલ્યું નહિ. હું મૂંઝવણમાં મુકાયો. હવે શું કરવું ? મેં નવી સૂચના કરી, જ્યાં સુધી આપણામાંનો અવાજ પોતાની ભૂલ ન સ્વીકારે ત્યાં સુધી આપણે બધાએ જમવાનું બંધ. અવાજ કરનાર મળશે પછી જ આપણે ભોજન લઈશું. (અમારે સાંજનું ભોજન પ્રાર્થના પછી લેવાય છે) પાંચ મિનિટ પસાર થઈ. સંપૂર્ણ શાંતિ. કોઈ બોલે જ નહિ. ફરી ફરી સૂચના આપી પણ શાંતિ એટલે શાંતિ.

હવે હું વિશેષ મૂંઝવણમાં મુકાયો ; કારણ કે એક છાત્રની ભૂલને લીધે બધાને ભૂખ્યા રાખવા યોગ્ય લાગતું ન હતું. અને છોડી મૂકું તો એવી છાપ ઊભી થાય કે પ્રાર્થનામાં અવાજ કરવામાં વાંધો નહિ. સુરસંગભાઈ થોડી વાર ગુસ્સે થઈને પછી પાછા ઠેકાણે આવી જશે. હવે મારા મનમાં મોટી મૂંઝવણ ઊભી થઈ. એકાએક મને લોકભારતીમાં બનેલ એક પ્રસંગ યાદ આવ્યો.

હું લોકભારતીના બીજા વરસમાં મુનિભાઈના છત્રાલયમાં હતો. એ વખતે એક માસ માટે મારે કોઠારીની જવાબદારી સંભાળવાની આવી હતી. એક દિવસ સાંજના ભોજનમાં શાક બનાવવા માટે એક કિલો ટમેટાં આવેલાં. શાક સમારનાર ટુકડીના ભાઈઓ તેમાંથી કેટલાંક મોટાં મોટાં ટમેટાં ખાઈ ગયા. મારો આગ્રહ એ વખતે અને આજે પણ એવો ખરો કે સમૂહની વસ્તુઓનો ઉપયોગ સમૂહ માટે જ થાય. વ્યક્તિગત ઉપયોગ તે ગુનો છે. મને ટમેટાં ખાઈ જવાની ખબર પડતાં તે વિદ્યાર્થીઓ પાસે ગયો અને ગુસ્સામાં ને ગુસ્સામાં ન કહેવાના શબ્દો કહ્યા. આ અંગે ગૃહપતિને પણ કહેવાની ધમકી આપી. હું ગૃહપતિ પાસે પહોંચું તે પહેલાં જ મારા કડવા શબ્દોની વાત મુનિભાઇ પાસે પહોંચી ગઈ હતી. મુનિભાઈને એકંદરે મારા પર સારો ભાવ હતો. આ વાત સાંભળવાથી તેમને વિશેષ દુઃખ થયું. તેમને

લાગ્યું કે સુરસંગ જેવો સારો વિદ્યાર્થી પણ અપશબ્દો બોલે ? તેના આ કાર્યના પ્રાયશ્ચિત્ત તરીકે હું સાંજનું ભોજન છોડીશ." મને આ વાતની ખબર પડી. તેમની પાસે જઈને બધી વાત કરી. ગુસ્સામાં મારાથી આવું થઈ ગયું તે સમજાવ્યું. મહામહેનતે હું તેમનો એ નિર્ણય અટકાવી શક્યો. પણ મારા મનમાં એક સંસ્કાર દૃઢ થઈ ગયો. એકની ભૂલ માટે બીજાને સજા શા માટે ? અને સાથેસાથે એ પણ સમજાયું કે સામેની વ્યક્તિનું હૃદયપરિવર્તન કરવા માટે જાતે સજા ભોગવી જોઈએ.

આ પ્રસંગ તાજો થયો અને તેણે મારા હૃદયમાં બળ પૂર્યું. પ્રેરણા આપી. મેં જાહેર કર્યું કે "પાંચ મિનિટમાં જો ટચાકિયા ફોડનાર વિદ્યાર્થી પોતાની ભૂલ કબૂલ નહિ કરે તો હું મારી જાતે સજા ભોગવીશ. હું અંગૂઠા પકડીશ."

પાંચ મિનિટ પૂરી થઈ. કોઈ બોલ્યું નહિ. મેં અંગૂઠા પકડવાની શરૂઆત કરી. બે મિનિટમાં એક છાત્ર ઊભો થયો. તેણે અન્ય છાત્રોને કહ્યું , "ભૂલ આપણી છે અને સુરસંગભાઈ શા માટે અંગૂઠા પકડે ? સુરસંગભાઈ તમે બેસી જાઓ. હું અંગૂઠા પકડીશ."

જોતજોતામાં દસેક છાત્રોએ સ્વેચ્છાએ અંગૂઠા પકડ્યા. પાંચેક મિનિટના તપ બાદ એક છાત્ર ઊભો થયો. તેણે પોતાની ભૂલ કબૂલ કરી. અમારી સર્વની આંખોમાં હર્ષાશ્રુ આવી ગયાં.

આ રીતે એકાદ વર્ષમાં અહીંના વિદ્યાલય તથા છાત્રાલયમાં સ્થિરતા આવી ગઈ. અહીંના આચાર્યશ્રી બાબુભાઈ માનદ કાર્ય કરતા હતા એતલે તેઓ પંદર દિવસે-મહિને એકાદ આંટો વિદ્યાલયમાં મારતા અને પત્રવ્યવહાર પૂરતું વહીવટી માર્ગદર્શન આપી જતા. બાકીનો આર્થિક વહીવટ તે પોતે જ સંભાળતા. વિદ્યાલયની શૈક્ષણિક અને છાત્રાલય સંચાલનની સઘળી જવાબદારી મારે સંભાળવાની રહેતી હતી.

## શિક્ષણની સુંદર છાપ

શિક્ષણની સ્થિરતા અને નિયમિતતાને લીધે અહીંના સ્થાનિક લોકોમાં એક સુંદર છાપ ઊભી થઈ. નવા શિક્ષકો આવ્યા છે તે બહુ સારું ભણાવે છે ; કારણ કે અહીંના આજુબાજુનાં ગામડાંમાં પ્રાથમિક શાળાઓ લગભગ બંધ રહેતી હોય છે અને શિક્ષકો સંપૂર્ણપણે અનિયમિત હોય છે. આ વિદ્યાલય ગામની બરાબર વચ્ચે આવેલું હોઈ સવારના ૭-૩૦ થી બપોરના ૧-૦૦ વાગ્યા સુધી નિયમિત ચાલે છે તે બધા સહેલાઈથી જોઈ શકતા-અને તે તેની છાપ પણ કેમ ન પડે ? વિદ્યાર્થીઓ ભણે-ગણે, ખેલે-કૂદે તે બધા જોતા હતા. આ ગામમાં શિક્ષણ અંગે ઘણી સારી છાપ ઊઠી હતી. લોકો પોતાના સંતાનોને ભણાવવા વધુ ને વધુ પ્રેરાતા હતા.

નવેક મહિના બાદ લોકભારતીના સ્નાતક ગિરીશભાઈ રાવળ અગાઉ અહીં કામ કરતા હતા ને પછી બી. એડ્. કરવા ગયેલા તે પોતાનો અભ્યાસ પૂરો કરી પાછા આવી પહોંચ્યા. લોકભારતી પરિવારના અમે એકમાંથી બે થયા. બંનેને એકબીજાનો સહકાર અને હૂંફ મળ્યાં. વિશેષ ઉત્સાહથી વિદ્યાલયવિકાસનું કામ ચાલવા લાગ્યું. શૈક્ષણિક જવાબદારી મેં સંભાળી , છાત્રાલય સંચાલનની જવાબદારી ગિરીશભાઈએ સંભાળી. જોતજોતામાં વાતાવરણ વધારે મઘમઘવા લાગ્યું.

આ સમય દરમિયાન અમે મુખ્ય પ્રયત્ન એ કર્યો કે સ્થાનિક લોકોને એમ લાગ્વું જોઈએ કે આ સંસ્થા આપણા સૌની છે. બહારના લોકોએ આવીને આ સંસ્થા ઊભી કરી છે તેવી ભાવના જો વ્યાપક બને તો સંસ્થા લાંબું આયુષ્ય ન ભોગવે. તેથી શક્ય તેટલો લોકસંપર્ક અને લોકશિક્ષણ ઉપરાંત વાલીસંપર્ક કરીને આ સંસ્થા તેમની પોતાની છે તેવી ભાવના ઊભી કરવાના પ્રયત્નો કર્યા જેમાં અમે મહદ્ અંશે સફળ થયા. સાંસ્કૃતિક કાર્યક્રમો , દાંડિયારાસ, ઉત્સવોની ઉજવણી, વાલી સંમેલન. આ બધા કાર્યક્રમમાં સ્થાનિક લોકોને અમે સાથે રાખતા. ગામના સુખદુઃખના પ્રસંગોએ અમે નોકરિયાત તરીકે નહિ પણ ગ્રામજન તરીકે તેઓની સાથે ખભેખભા મિલાવીને રહ્યા. પ્રસંગ પડ્યે નેતૃત્વ પણ લીધું. વિકાસનાં કાર્યોમાં એક થઈને કામ કર્યું. લોકોએ અનુભવ કર્યો કે આ સંસ્થા આપણી છે. ગામ, અહીંનો સમાજ અને સંસ્થા અભિન્ન અંગ બની ગયાં. સંસ્થાના ગૌરવને ગામ પોતાનું ગૌરવ સમજવા લાગ્યું.

- જાસા ચિઠ્ઠી

એકાદ માસ પછી અમારા ઉત્સાહમાં વિશેષ વધારો થયો. એક સી. પી. એડ. ભાઈ પોતાના વતનમાં નોકરી મળતાં અમારે ત્યાંથી છૂટા થયા. તેમની જગ્યાએ લોકભારતીના સ્નાતક શ્રી લલ્લુભાઈ બારૈયાને લેવામાં આવ્યા. અમે "એક ડાળનાં પંખી" ત્રણ થયા. લલ્લુભાઈનો કંઠ સારો અને તેમને દુહા ,

છંદ, ભજનો ગીતો વગેરેમાં રસ પણ ઘણો સારો. આના કારણે અમારો લોકસંપર્ક વધારે વેગીલો બન્યો. અમારી ત્રિપુટી વિશેષ કાર્યરત બની.

એક વાત અહીં ખાસ નોંધવાની છે કે બીજા સી. પી. એડ. ભાઈ જે અમારા સ્ટાફમાં હતા તે અમારા આચાર્યશ્રીના નિકટના સંબંધી હતા. તેમને ગાંજો, ભાંગ, ચરસ વગેરેના ધૂમ્રપાનની કુટેવ હતી. આ કુટેવ તેના પોતાની પૂરતી મર્યાદિત હતી ત્યાં સુધી તેઓ અમને બહુ નડતરરૂપ નહોતા લાગ્યા પણ જ્યારે તેણે બેચાર વિદ્યાર્થીઓને ગાંજો પીતા કર્યા ત્યારે એમની આ કુટેવ અમારા માટે ગંભીર મુદ્દો બની ગઈ. એટલું જ નહિ, તેઓ રાતે ગાંજો પીધા પછી ભજિયાં અને બટાટાવડાંનો કાર્યક્રમ કરવા લાગ્યા. આ માટેનો રસોઈનો સામાન-સીધું છાત્રાલયના રસોડામાંથી ચોરાવા લાગ્યાં. અમે આ વાતની રજૂઆત અમારા આચાર્યશ્રીને કરી પણ તેમના સંબંધોને કારણે તેમના દ્વારા બહુ લક્ષ અપાયું ન હોય એમ અમને લાગ્યું.

આ સમયે અમને અમારો લોકસંપર્ક કામ આવ્યો. ગામના પાંચેક ડાહ્યા માણસોને અમે વાત કરી. વાત જાણી તેમને આશ્ચર્ય સાથે દુઃખ થયું. શિક્ષક દરજ્જાનો માણસ આવું કરી શકે ? વિદ્યાર્થી ભૂલ કરે તે સહ્ય છે. પણ શિક્ષક આવી ભૂલ કરે તે કેમ ચલાવાય ? અમારી રજૂઆત સાથે ગ્રામજનોનો સૂર ભળ્યો. શિક્ષકને ઠપકો આપવામાં આવ્યો અને જણાવી દેવામાં આવ્યું કે આવતા સત્ર સુધીમાં વર્તનમાં સુધારો નહિ થાય તો દુઃખ સાથે તમને છૂટા કરવામાં આવશે.

આ પ્રસંગે પેલા શિક્ષકને અપમાનજનક લાગ્યો. તેણે માન્યું કે “મારા વર્તનથી ગ્રામજનોને તો કાંઈ વાંધો નથી પણ આ ચડામણી અને સઘળાં કારસ્તાન લોકભારતીવાળા ત્રણેના છે .” તેણે અમારા ઉપર દમનનું શસ્ત્ર અજમાવવાનો પ્રયોગ કરવાનું વિચાર્યું. આ પ્રસંગ બન્યો ત્યાર બાદ પંદરેક દિવસ પછી હિન્દી ભાષામાં લખાયેલી એક ચિઠ્ઠી - જાસાચિઠ્ઠી અમને મળી.

ગિરિશ રાવળ, લલ્લુ બારૈયા, સુરસંગ ચૌહાણ,

આજ રાતકો તૈયાર રહના. મૈં અપના બદલા લેને કો આ રહા હું.

લિ. તેજા.

અમે અક્ષર ઓળખ્યા. આ પરાક્રમ તો અમારા ગાંજાવાળા શિક્ષક મિત્રનું. ચિઠ્ઠી વાંચી થોડો ભય પણ લાગ્યો કારણ કે આ ભાઈને અહીંના ગામની ગુંડાટોળી સાથે સારા સંબંધો હતા. તેઓ રાવળમાં દારૂ વેચવો, દારૂ પીવો, તોફાન કરવાં, બહેનોની છેડતી કરવી, ચોરી, લૂંટ અને ખૂન કરવા જેવા બનાવોમાં સંડોવાયેલા હતા. આથી થોડો ડર લાગ્યો. લલ્લુભાઈ અને ગિરીશભાઈ વિશેષ ડરી ગયા. તેમણે તો

નક્કી કર્યું કે "ચાલો આપણે અત્યારે જ આચાર્યશ્રી બાબુભાઈ પાસે જઈએ અને કહીએ 'જુઓ આ તમારા સંબંધીનાં પરાક્રમો.' રાત્રે અહીં સૂવાને બદલે બીજી જગ્યાએ સૂવા ચાલ્યા જઈશું."

મેં કહ્યું, " ગભરાવાની ખાસ જરૂર નથી. આપણી પાસે રાવળ જવાનો સમય પણ નથી. તે લોકો જો આજે રાત્રે જ આવવાના હશે તો બાબુભાઈ એટલા સમયમાં કાંઈ તેને શોધી શકશે નહિ અને રોકી શકશે પણ નહિ. આપણે તો તેનો સામનો કરવો જ રહ્યો."

અમે ત્રણેય બજારમાં ગયા. ચારપાંચ જુવાન મિત્રોને આ વાતથી વાકેફ કર્યા. પૂ. નાનાદાદાનો ગેમલવાળો પ્રસંગ મારી આંખ સમક્ષ હતો. હિંમતે મર્દા તો મદદે ખુદા. રાત્રે પાંચસાત મિત્રોને જાગતા રહેવાનુ કહ્યું. અમે પણ આજે રાત્રે શું થાય છે તે જાણવા જાગતા રહેવાનું નક્કી કર્યું. રાત્રે નવ વાગે રાવળથી શ્રી બાબુભાઈની ચિઠ્ઠી આવી કે "બે દિવસ પછી વિદ્યાલયનું ઑડિટ આવવાનું હોવાથી રાત્રિના સાડાનવની બસમાં સુરસંગભાઈ રાવળ આવે." અમને થોડી શંકા ગઈ કે અમને ત્રણેયને છૂટા પાડીને 'મેથીપાક' આપવાની ગણતરી તો નહિ હોય ને ! પણ અક્ષર બાબુભાઈના જ હતા એટલે તે રાત્રે હું એકલો રાવળ ગયો. બંને મિત્રોએ મને ન જવા માટે ખૂબ સમજાવ્યો પણ મેં તેમને આશ્વાસન આપ્યું , "નામર્દ લોકો જ આવાં કારસ્તાન કરતા હોય છે , કાંઈ થવાનું નથી. અને કદાચ થાય તો આપણે ક્યાં બંગડીઓ પહેરી છે ?"

હું તો રાવળ ગયો. રાત્રે એક વાગ્યા સુધી દફતર તૈયાર કર્યુ અને ત્યાં જ સૂતો. પેલા શિક્ષકભાઈ પણ મારી બાજુમાં જ સૂતા હતા. કશો જ અઘટિત બનાવ ન બન્યો સવાર પડતાં બીજે દિવસે બાબુભાઈને ચિઠ્ઠી બતાવી. તેમણે એ ભાઈને સંસ્થામાંથી મુક્ત કર્યા.

- એક આઘાત

અમારું કાર્ય ધીરેધીરે આકાર પકડતું જતું હતું. અમારા વિચારોને બાધક એવાં તત્વો ધીરેધીરે અમારા માર્ગમાંથી દૂર થતાં હતાં. લોકભારતીમાંથી જે વિચારો અને સંસ્કારો દૃઢ થયા હતા તે સાકાર કરવા માટેનું ક્ષેત્ર ખુલ્લું થઈ ગયું હતું; પણ ઈશ્વર કંઈક વિશેષ કસોટી કરવા માગતો હતો. અમારામાંથી જ એક ભાઈના હાથે ભૂલ થઈ ગઈ. મને તેની ગંધ આવી. મેં તેમને એકાંતમાં બોલાવી એ બાબત અંગે સમજાવ્યા. તેમણે સંસ્થા છોડવા ભલામણ કરી. શરૂઆતમાં તો તેમને મારી સલાહ ન માની પણ પછી મારી વાત સમજાઈ અને તેઓ સંસ્થામાંથી મુક્ત થયા. અમારી ત્રિપુટીમાં ભંગાણ પડ્યું. સંસ્થાના વિકાસમાં થોડી રુકાવટ આવી. છતાં ઈશ્વર પર વિશ્વાસ રાખી નિષ્ઠાપૂર્વક કાર્ય આગળ ધપાવ્યું. ખાલી પડેલ જગ્યા ઉપર મારા પરમ મિત્ર અને લોકભારતી સ્નાતક જગદીશભાઈને હું મેળવી શક્યો. તેમની આત્મસૂઝ, નિષ્ઠા અને સંઘભાવનાથી સંસ્થાના વિકાસમાં તેઓ ખૂબ ઉપયોગી નીવડ્યા છે.

## દુષ્કાળ પાર ઊતર્યા

આ સમય દરમિયાન અમારા પગાર અંગેની કોઈ નિયમિતતા ન હતી. ક્યારેક ત્રણ મહિને તો કયારેક છ મહિને પગાર એકસાથે મળતો. વિદ્યાલય પાસે તો કોઈ પણ પ્રકારની મૂડી હતી જ નહિ. ગ્રાન્ટ આવે ત્યારે પગાર મળે. અમને બરાબર યાદ છે કે એક વખત અમને છ મહિના સુધી પગાર મળ્યો ન હતો. વિધાર્થીઓને ભણાવવા માટે બોર્ડમાં લખવા ચૉક પણ ઘેરથી પૈસા મગાવીને ખરીદેલા. આ સમય દરમિયાન વરસો પણ અતિ નબળાં. દુષ્કાળ કહી શકાય તેવાં. તેના કારણે ભોજન લવાજમનાં નાણાં મોટાભાગના છાત્રો ભરી શકેલા નહિ. મને બરાબર યાદ છે કે ૧૯૭૩-૭૪ના વરસમાં છાત્રાલયની સંખ્યા ૨૭ હતી અને વાર્ષિક લાવજમ કુલ રૂ. ૩૬૦૦-૦૦ આવેલું. આટલી ઓછી રકમમાં આખું વરસ કેવી રીતે પૂરું થાય ? આવકનું બીજું કાંઈ સાધન ન મળે. હજુ અમારી સંસ્થાને જમીન પણ મળી ન હતી. અમારા માનદ આચાર્ય બાબુભાઈ પણ બારાડી સઘન ક્ષેત્ર યોજના , સર્વોદય યોજના, ગ્રામવિકાસ યોજના, ખાદીભંડાર અને સહકારી મંડળી વગેરેના કામમાં ગૂંચવાઈ ગયા હતા. એ બધા વિભાગોમાં પણ આર્થિક ભીંસ સારા પ્રમાણમાં હોઈ તેઓ પણ અમને કાંઈ મદદ કરી શકે તેમ ન હતું. આ વિસ્તારમાં દુષ્કાળ હોવાથી સ્થાનિક રીતે ફંડફાળા કરી શકાય તેવી પરિસ્થિતિ ન હતી. અમારા માટે આર્થિક દૃષ્ટિએ પૂરેપૂરી મુશ્કેલીના દિવસો હતા. પગાર નહિ, સંસ્થા પાસે નાણાં નહિ. છાત્રોનું વર્ષ કેવી રીતે પૂરું કરવું?

કાંઈ રસ્તો સૂઝતો ન હતો. ક્યારેક તો સંસ્થા છોડીને નાસી જવાનું મન થાય. તેવામાં અમને બધા મિત્રોને ચર્ચાઓ કરતાં કરતાં એક વિચાર આવ્યો ગ્રામજનોની બેઠક બોલાવીએ તો કેમ? તેમાં આ સમસ્યા તેમની પાસે મૂકીએ. સૌ સાથે મળીને તેનો ઉકેલ શોધીએ. ઈશ્વરની પ્રેરણાથી જ ગ્રામજનોએ છાત્રાલયના અનાજની જવાબદારી માથે લીધી. બાકીની જવાબદારી ભોજન લવાજમમાંથી પૂર્ણ કરવી તેવું નક્કી થયું.

આશ્ચર્ય થાય તેવી આ બાબત હતી. કારણ કે ગામના મોટાભાગનાં માણસ ખાળિયા ખોદવા જતા હતા. રેશનિંગની જુવાર ખાવા મળતી, છતાંય છાત્રાલયનું અનાજ પૂરું પાડવાની જવાબદારી તે લોકોએ ઉપાડી. આજુબાજુના ગામમાં અહીંના આગેવાનો જ અહીંના છાત્રાલય માટે પાલીપાલી અનાજ ઉઘરાવવા નીકળ્યા. ઈશ્વરની કેવી કૃપા ! તેમણે તેમની જવાબદારી પૂર્ણ કરી. તેમણે કહ્યું , “આ ૨૭ વિદ્યાર્થીઓ અમારા જ દીકરાઓ છે. અમને રોટલો મળશે ત્યાં સુધી તેઓ ભૂખ્યા નહીં રહે. જે દિવસે અમે ભૂખ્યા રહીશું ત્યારે તો ભગવાન જ આપણા સૌની લાજ રાખશે.” ખરા અર્થમાં ઈશ્વરે સહુની લાજ રાખી. ઈશ્વર ઉપરની અખૂટ શ્રદ્ધા કામ કરી ગઈ હતી.

## કુઠારાઘાત

આ સમય દરમિયાન સંસ્થા ઉપર એક મોટો કુઠારઘાત થયો. અમારા એક આદ્યસ્થાપકોમાંના એક કાર્યકર બાજુના 'રાવળ' ગામમાં જૂથ સેવા સહકારી કૃષિ મંડળીના સંચાલક હતા. તેમાં રાજકીય વ્યક્તિઓના અંગત રાગદ્વેષને કારણે રાતોરાત ઑડિટ પાર્ટી દ્વારા હિસાબો તપાસાયા. લગભગ બે લાખ રૂપિયાના હિસાબનો મેળ મળ્યો નહીં. આ બધાં નાણાં અહીંના સ્થાનિક નાના અને ગરીબ ખેડૂતોને ભરવાં પડે તેવી પરિસ્થિતિ સર્જાણી. ખેડૂત પ્રજામાં ઉશ્કેરાટ વધી ગયો. એમના પર જાનનું જોખમ આવી પડ્યું. તેઓને પોતાનો જીવ બચાવવા રાતોરાત બીજે ચાલ્યા જવું પડ્યું. દિવાળી વૅકેશન ચાલતું હતું એટલે અમે તો વૅકેશનમાં ઘેર હતા. વૅકેશન પૂરું થયે ત્યાં ગયા ત્યારે ખબર પડી.

આ પ્રસંગથી અહીંની સ્થાનિક પ્રજામાં એવી હવા ઊભી થઈ કે આ ખાદીવાળા લોકો ખોટા માણસો છે, અજ્ઞાન અને અભણ માણસો પાસે કેવળ મોટીમોટી વાતો જ કરે છે અને સમય આવ્યે અજ્ઞાનનો લાભ લઈ શોષણ કરે છે. પોતાનો સ્વાર્થ સાધે છે.

પેલા ભાઈ અહીંની સર્વોદય યોજનાના સંચાલક હતા એટલે તેઓ જે જે સંસ્થાઓ ચલાવતા તે બધી સંસ્થાઓના કાર્યકરોને લોકો 'સર્વોદયવાળા' તરીકે જ ઓળખતા. અમે પણ 'સર્વોદયવાળા' જ ગણાતા એટલે અમને પણ સામાન્ય લોકો એવી જ દૃષ્ટિથી જોવા લાગ્યા. જોકે આ વિસ્તારમાં લોકભારતીના સ્નાતકોએ સારી સુવાસ ફેલાવી હતી એટલું જ નહિ પણ લોકસંપર્ક દ્વારા લોકોનાં દિલ સુધી પહોંચ્યા હતા. છતાં સંસ્થાના વિકાસ માટે જે પોષક વાતાવરણ સર્જાયું હતું તેમાં આ પ્રસંગે ઠીકઠીક રુકાવટ આણી. આ પ્રસંગને કારણે અમારી પરિસ્થિતિ વિશેષ કફોડી બની. સમાજમાં સંસ્થાની 'મથરાવટી મેલી' થઈ ગઈ હતી. જે સંસ્થાના આગેવાન ગુનેગાર સાબિત થાય પછી તે સંસ્થાનો કોણ વિશ્વાસ કરે ? સમાજ તો આખી સંસ્થાને જ ગુનેગાર ગણે, વિદ્યાલયનું સઘળું વહીવટી દફતર તાળામાં હતું. વિદ્યાલયને પણ તાળાબંધી હતી. વિદ્યાલયની ચાવીઓ પણ જ્યાં સીલ મારેલાં હતાં , તે રૂમમાં હતી. અમે સઘળી વાત જાણી. તાળાં ખોલી વિદ્યાલય ચાલુ કર્યું. પણ વિદ્યાર્થીઓની સંખ્યા એકદમ ઘટી ગઈ ; એટલે એમની સાથે રહેનાર કે સંબંધ રાખનાર પણ મુશ્કેલીમાં મુકાઈ જાય તેમ માની લોકોમાં ભડક પેસી ગઈ હતી.

અમે તો અતિ મુશ્કેલ પરિસ્થિતિમાં મુકાઈ ગયા. વૅકેશન પહેલાં ત્રણ માસથી પગાર નહિ મળેલ એ પગારની ગ્રાન્ટ વૅકેશનમાં આવી. હવે પગાર માટે બીજા ત્રણ માસ રાહ જોવાની હતી - એક બાજુ પગાર વગર નાણાંભીડ, વિદ્યાર્થીઓ ભણવા આવે નહિ અને સમાજમાંથી સંસ્થાની આબરૂ ઘટી. હવે કરવું શું ?

### નવજીવન

બીજે દિવસે હું , જગદીશભાઈ રાવળ અને લલ્લુભાઈ બારૈયા ત્રણેય ખાસ આ બાબતે મળ્યા. અમે વિચારણા શરૂ કરી. સંસ્થાની સઘળી જવાબદારી અમે સંભાળી શકીશું ખરા ? સંસ્થાના વહાણને દલદલમાંથી બહાર કાઢવાનું અમારું ગજું હતું ખરું ? આ કામ કોઈ પણ એક વ્યક્તિ કરી શકે તેમ ન હતું. જો ત્રણેય સાથે મળીને જૂથશક્તિથી જવાબદારી ઉપાડી શકાય તો જ સંસ્થા કદાચ ઊગરી જાય. એમાં પણ ખાતરી કેટલી ? અમે ત્રણે જણ ભાવનગર જિલ્લાના , આ વિસ્તારના એક નહિ , બહારના આગંતુકો તરીકે સ્થાનિક પ્રજા અમને કેટલા સ્વીકારે ? અમારો કેટલો વિશ્વાસ કરે તે અમારે માટે મોટી સમસ્યા હતી. સફળતા ન મળે તો નાસીપાસ પણ થવું પડે. સમય અને શક્તિનો ભોગ તો સારી રીતે આપવો પડે તેમ હતું જ. વ્યક્તિગત જીવન ગૌણ ગણી સંસ્થાકીય જીવન જો મુખ્ય બનાવી શકાય તો જ આ ખરાબે ચડેલું વહાણ પાછું સાચા રસ્તે લાવી શકાય. જો અમે આવું બધું કરી શકવા તૈયાર ન હોઈએ તો સંસ્થાને તેના નસીબ પર છોડી અન્યત્ર નોકરી કરવા ચાલ્યા જવું જોઈએ એમ વિચારતા હતા.

ઠીકઠીક સમયના મંથનને અંતે અમે ત્રણેય મિત્રોએ નક્કી કર્યું કે આ પરિસ્થિતિ અમારી સમક્ષ એક પડકાર હતો. તેને ઝીલી લેવો જોઈએ. આવી પ્રતિકૂળ પરિસ્થિતિમાંથી પાછા હઠીશું તો લોકભારતીનું શિક્ષણ લીધું શા કામનું ? લોકભારતીના સંસ્કાર વધુ પ્રદીપ્ત થયા. લોકભારતીના સ્નાતકો દૂર દૂર જંગલમાં આદિવાસી અને પછાત વિસ્તારોમાં એકલે હાથે શૂન્યમાંથી સર્જન કરી શક્યા હોય તો અહીં એક વિચારના ત્રણ જણ શું નહિ કરી શકે ? એક-બીજાનાં હૂંફ અને સહકાર તો છે ને ? તો પછી શા માટે પારોઠનાં પગલાં ભરવાં ? અને અમે ત્રણેય મિત્રો દૃઢ નિર્ધાર કરી ઊભા થયા.

**ત્રણ સમસ્યા : અમારે હવે એકી સાથે ત્રણ મોરચે લડવું પડે તેમ હતું :**

૧. સમાજમાંથી સંસ્થાની ગયેલી આબરૂને પાછી પ્રસ્થાપિત કરવી.

૨. સંસ્થાને આર્થિક રીતે પગભર કરવી.

૩. વિદ્યાર્થીઓ સામેથી ચાલીને શિક્ષણ લેવા આવે તેવું શૈક્ષણિક વાતાવરણ તૈયાર કરવું.

સમાજની-સંસ્થાની આબરૂ સ્થિર કરવા અમારે તનતોડ મહેનત કરવાની હતી. ચાલુ સંચાલક મંડળના બધા સભ્યો બહારના હતા. તેઓ હવે આ વિદ્યાલય ચલાવવા ઇચ્છતા ન હતા. તેઓના મનમાં પણ ભય હતો કે બાબુભાઈ જેમ સહકારી મંડળીનો આર્થિક બોજો ખેડૂતો પર નાખીને પલાયન થઈ ગયા તેમ આ વિદ્યાલયનો આર્થિક બોજો અમારા ઉપર આવી પડે તો ? સંસ્થાની રિકવરીનો આર્થિક બોજો અમારે સહન કરવો પડશે તો ? તેઓ એક ક્ષણ પણ આ સંસ્થા ચલાવવા ઇચ્છતા ન હતા.

## નવા સંચાલક મંડળની સ્થાપના

હવે જો આ સંસ્થા અમારે ચલાવવી હોય તો નવું સંચાલક મંડળ બનાવવું પડે. જૂનું મંડળ આ નવા મંડળને સંસ્થાનો વહીવટ સોંપવા રાજી થાય અને નવું મંડળ આગળની અને હવે પછી આવનારી બધી જવાબદારી સંભાળે તો જ તે શક્ય બને. અમે ત્રણેય મિત્રોએ નિરાશ થયા સિવાય ટંકારિયા ગામના આગેવાનોને નવા સંચાલક મંડળ બાબત બે માસ સુધી સમજાવ્યા. આ બાબતમાં અમને અહીંના સૂર્યોવદર ગામના સર્વોદય કાર્યકર્તા અને આગેવાન શ્રી મસરીભાઈ વારોતરિયાનો ખૂબ જ સહકાર મળ્યો. તેઓ પૂજ્ય નાનાભાઈ અને મનુભાઈના વિચારોથી પરિચિત હતા, એટલું જ નહિ પ્રભાવિત પણ હતા. લોકભારતીના શિક્ષણ ઉપર તેમને દૃઢ વિશ્વાસ હતો અને આજે પણ છે. તેમનો સક્રિય સહકાર અને અમારા અથાક પ્રયત્ન બંનેના સુભગ મિલનથી ટંકારિયા ગામનું જ સ્થાનિક નવું ટ્રસ્ટીમંડળ અમે બનાવી શક્યા.

આ સ્થાનિક મંડળ બનાવવા પાછળનો અમારો હેતુ સ્પષ્ટ હતો કે જેટલા સભ્યો અહીંના હશે તેટલી એ લોકોને સંસ્થા પોતાની લાગશે. જો બહારના મોટા નામવાળા આગેવાનોને લઈએ તો તેમને સંસ્થા પોતાની લાગે નહિ. આ પોતાપણાનો ભાવ પેદા કરવા માટે આર્થિક અગવડ સહન કરવી પડે તો તે સહન કરીને પણ એમ જ કરવું તે અમારી સ્પષ્ટ સમજણ હતી. આને કારણે જ અમને અકલ્પ્ય સ્થાનિક સહકાર મળ્યો છે. આજે અહીંની દરેક વ્યક્તિને આ સંસ્થા પોતાની લાગે છે. ટંકારિયા ગામનો દરેક નાગરિક સંસ્થાના ગૌરવને પોતાનું ગૌરવ સમજતો થયો છે. આ રીતે લોકોનાં હૃદયમાં સંસ્થાનું સ્થાન સ્થિર થયું.

## સમસ્યાઓ અને તેના ઉકેલ

આર્થિક સધ્ધરતા લાવવા માટે એક નવો જ નુસખો અજમાવ્યો. જ્યારે નવા મંડળને સંસ્થાની સોંપણી કરવામાં આવી ત્યારે સંસ્થા ઉપર લગભગ ૧૮૦૦૦ રૂપિયાનું દેવું હતું. આ ઉપરાંત વિદ્યાલયની બારથી પંદર હજાર રૂપિયાની રિકવરી આવે તેવી શક્યતા હતી. નવા મંડળ પાસે કશી જ મૂડી ન હતી. મંડળનો દરેક સભ્ય સામાન્ય ખેડૂત હતો. તેમની પાસેથી પાંચસો કે હજાર રૂપિયાની આશા કરી શકાય તેવી કોઈ શક્યતા ન હતી. હવે ઉપરોક્ત દેવું અને રિકવરી કેમ ભરવાં તે મોટી સમસ્યા હતી. અહીંના વાતાવરણ અને સમાજને અનુલક્ષીને એક નવો પ્રયોગ અજમાવ્યો.

લેખકને પૂછો લોકો ધર્માદો કરતા હોય છે તેમાં ખાસ કરીને ગાયોને ઘાસ નીરવા માટે દાન અપાતું હોય છે. આ પ્રસંગે વિદ્યાદાન માટે પણ થોડીક રકમ આપે તેવો નવો ચીલો પાડવા અમે સહિયારો પ્રયાસ કર્યો. આમાં સફળતા અને નિષ્ફળતાના અવનવા અનુભવ થયા, પણ ત્રણ-ચાર વર્ષના સતત પ્રયત્નને અંતે એક નવી કેડી કંડારી શક્યા. આજે મોટા ભાગના લોકો આનંદપૂર્વક વિદ્યા માટે યથાશક્તિ આર્થિક સહાય કરતા થયા છે. આ રીતે આઠ વરસમાં અમે લગભગ એંશી હજાર રૂપિયા એકત્રિત કરી શક્યા છીએ. આ પ્રયત્નને કારણે મોટો ફાયદો એ થયો કે અમારે કોઈ મોટા દાનવીર કે ધનવાન પાસે હાથ લાંબો કરવા જવું પડ્યું નહિ. સ્થાનિક પ્રજાના સદ્ ભાવ અને સહકારથી સંસ્થાના આર્થિક પ્રશ્નો ધીરેધીરે હલ કરતા જઈએ છીએ. આનાથી મોટો ફાયદો એ થયો કે લોકોને એમ લાગવા માંડયું કે આ સંસ્થા અમારી છે. તેના વિકાસમાં અમારો પણ હાથ છે.

- જમીન મળી



**જમીનસુધારણા સ્વૈચ્છિક શ્રમમાં વિદ્યાર્થીઓ**



**જમીન સુધારણા માટે વિદ્યાર્થીઓ-કાર્યકરો**

૧૯૭૪માં આ સંસ્થાને સરકારશ્રી તરફથી ખેતી માટે બાર એકર અને મકાન માટે લગભગ ચાર એકર જમીન મળી. આ જમીન ખારી અને ધોવાણવાળી હતી. ખરાબાની જમીન હોવાને કારણે ખાડા અને વાંઘા પૂરવા તેમ જ બંધપાળાનું કામ મોટું હતું. માત્ર છાત્રો અને શિક્ષકોના શ્રમથી આ બધાં કામને પહોંચી વળવું શક્ય ન હતું. છતાં એક વરસમાં જમીન ફરતો માટીનો પાળો સમૂહશ્રમ દ્વારા બાંધ્યો. જમીન ખેડવા તથા વાવવા માટે મૂડી જોઈએ. પણ અમારી પાસે મૂડી ક્યાં હતી ? ચોમાસા પહેલાં જમીન ખેડીને તૈયાર કરવી જોઈએ. આ વાત મંડળના સભ્યોને કરી. બીજે દીવસે એકીસાથે પચીસ સાંતી ખેડવા માટે આવી ગયાં. એક દિવસમાં વાવવા લાયક જમીન ખેડી નાખી. વાવણીના સમયે પણ એકીસાથે આઠ સાંતી વાવણી કરી ગયાં અને આંતરખેડ માટે પણ દરેક ખેડૂત પોતાના વારા પ્રમાણે આંતરખેડ કરી ગયો. આ રીતે અમે અમારી ખેતીની શરૂઆત કરી.

- ઑક્સફામની સહાય

આ બધું કેટલો વખત ચાલે ? અમે અમારી આ સઘળી રામકહાની લોકભારતીમાં શ્રી પ્રવીણભાઈ મશરૂવાળાને કરી. તેમના મનમાં આ વાત વસી ગઈ. અમારી સંસ્થાનો પરિચય ઇંગ્લાંડની ઑક્સફામ સંસ્થા સાથે કરાવી આપ્યો. સ્થાનિક લોકસહકાર અને અમારા પ્રયત્નથી ઑક્સફામના ફિલ્ડ ઑફિસર શ્રી ટોનિવોક્સ ખૂબ પ્રભાવિત થયા ; તેમના સહકારથી ઑક્સફામ તરફથી અમારી સંસ્થાના ખેતીવિકાસ માટે ૨૪૦૦૦ રૂપિયાની સહાય મળી. એ દ્વારા જમીન સમતલ કરવી , કૂવો તૈયાર કરવો , ઑઈલ એન્જિન, અંડરગ્રાઉન્ડ પાઈપ લાઈન , બળદ, બળદ માટેનો શેડ , સાથીનાં મકાન વગેરે કાર્યો કરી શક્યા.

આ કાર્યનું નિરીક્ષણ કરવા ટૉનિવોક્સ પોતે અમારી સંસ્થામાં મુલાકાતે આવ્યા. તેઓ અમારા કાર્યથી ખૂબ ખુશ થયા. આ સમયે સંસ્થાનાં મકાન તો બિલકુલ હવાઉજાસ વિનાનાં હતાં. તેમને આવા

મકાનથી ખૂબ જ આશ્ચર્ય થયું. તેમણે વિદ્યાલયના મકાનમાં રસ લીધો અને જણાવ્યું કે "તમે સ્થાનિક રીતે જેટલાં નાણાં ઊભાં કરો તેનાથી બમણાં નાણાં હું ઑક્સફામ તરફથી મકાન બાંધકામ માટે અપાવીશ." અમે ભારે ઉત્સાહમાં આવી ગયા.



**મનુભાઈ, યશવંતભાઈ સમક્ષ સંસ્થા પરિચય**

એ વરસ અમારે દુષ્કાળનું હતું. સ્થાનિક રીતે ફંડફાળો થઈ શકે તેવી કોઈ શક્યતા ન હતી. આ અવસર છોડાય તેવો ન હતો. અમે બધા જ શિક્ષકો ભેગા મળ્યા અને નક્કી કર્યું કે આપણી આપણાથી જ ફાળાની શરૂઆત કરીએ. દરેક શિક્ષકોએ પોતાનો એક એક પગાર ફાળામાં નોંધાવ્યો. થોડાંક નાણાં ઘટતાં હતાં તે બીજા મિત્રો પાસેથી મેળવી કુલ રૂ. ૫૦૦૦ શિક્ષકોએ એકત્રિત કર્યા. આ સઘળી જાણ અહીંના સંચાલક મંડળને કરી. દુષ્કાળને કારણે તેઓ વિશેષ મદદરૂપ થઈ શકે તેમ ન હતા; છતાં તેમણે કહ્યું કે, "તમે દૂરથી આવ્યા છો , નોકરી માટે આવ્યા છો છતાં તમે રૂ. ૫૦૦૦ આ ગામની સંસ્થા માટે ભેગા કરતા હો તો અમારે પણ કાંઈક કરવું જોઈએ." તેમણે સાંજે ગ્રામસભા બોલાવી અને જોતજોતામાં રૂપિયા દસ હજાર ફાળામાં નોંધાવ્યા. ત્યાર બાદ આજુબાજુનાં પાંચેક ગામોમાં પ્રયત્ન કર્યો કુલ રૂ. ૨૦,૦૦૦ સુધીનો ફાળો નોંધાયો. અમે આ પ્રગતિ અહેવાલ શ્રી ટૉનીભાઈને મોકલી આપ્યો.

તેમના તરફથી જવાબ આવ્યો , 'ઑક્સફામ' હવે ફક્ત ઉત્પાદનલક્ષી કાર્યક્રમોમાં જ આર્થિક સહાય આપે છે. મકાન બાંધકામ વગેરેમાં મદદ કરી શકાતી નથી. એટલે આપને મકાન બાંધકામ અંગે આર્થિક સહાય મોકલવામાં દિલગીર છું. અમે થોડા સમય માટે તો નાસીપાસ થયા. છતાં પ્રયત્ન ચાલુ રાખ્યો. છ માસ બાદ ટૉનીભાઈ ફરી અમારી સંસ્થાની મુલાકાતે આવ્યા. તેમની પાસે અમે મકાન બાંધકામ સહાયને બદલે "લોન" ની માગણી કરી. તેઓ આ વિચારથી પ્રભાવિત થયા અને પોતાની સંસ્થાના સભ્યોને સમજાવી આ સંસ્થાને વિશિષ્ટ સંસ્થા ગણી મકાન બાંધકામ માટે રૂ. ૩૦૦૦૦ની ગ્રાન્ટ મંજૂર કરી.



**સંતોના આશીર્વાદ**



**પ્રાર્થનાખંડનું ઉદઘાટન**


**અણધારી સહાય**

આ સમય દરમિયાન અમે પૂજ્ય મનુભાઈ પંચોળીના સંપર્કમાં હતા. તેમને અમારા કાર્યથી અવારનવાર વાકેફ કરતા હતા. એક દિવસ અચાનક તેમના તરફથી પત્ર મળ્યો કે “ ‘પારલે’ બિસ્કિટ કંપનીવાળા શ્રી નરોત્તમભાઈ ચૌહાણ તમારી સંસ્થાને આર્થિક સહાય કરવા ઇચ્છે છે. તેમનો સંપર્ક સાધો.” પૂ. મનુભાઈની ભલામણથી તેમના દ્વારા અમારી સંસ્થાને રૂ. ૨૫ ,૦૦૦ મળ્યા. અમારા ઉત્સાહમાં આથી ઉત્તરોત્તર વધારો થતો ગયો. આટલાં નાણાં ભેગાં થયા બાદ વિદ્યાલયના મકાન બાંધકામની શરૂઆત કરી. શરૂઆતમાં લગભગ બે લાખ રૂપિયામાં મકાન પૂર્ણ થશે તેવી ગણતરી હતી. પણ મોંઘવારી વધતાં એટલામાં બધું કામ પૂરું નહિ થાય તેવું લાગતાં એક ઓરડો તૈયાર કર્યો મકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે સ્થાનિક પ્રજાનો અતિ સહકાર મળ્યો. ચંદેરિયા ટ્રસ્ટ તરફથી બીજું રૂ. ૧૦ ,૦૦૦નું અને સ્થાનિક લોકો તરફથી રૂ. ૪૦ ,૦૦૦ નો નવો ફાળો થયો એટલે બાકીના ઓરડાઓનું બાંધકામ શરૂ કર્યું.

પછી હરિ ૐ આશ્રમ – નડિયાદ તરફથી રૂ. ૫૦ ,૦૦૦ સહાય પેટે મળ્યા. આમ કુલ નવ ઓરડાનું બાંધકામ પૂરું કરી શક્યા.



**આણદાબાવા સેવાશ્રમના મહંતશ્રીની મુલાકાત**






નવા મકાનનો આરંભ



નવા છાત્રાલયના ઉદઘાટનમાં મનુભાઈ વગેરે

## પ્રલોભનમાંથી ઊગર્યા

થોડા સમય બાદ જામનગરના એક વેપારી ભાઈ તરફથી રૂબરૂ મળી જવાનો સંદેશો મળ્યો. તેમણે કહ્યું કે "તમે વિદ્યાલયનું જે મકાન બંધાવ્યું છે તેની ઉપર અમારું નામ લખો અને અમારું સંચાલન મંડળ બનાવો તો તમારી સંસ્થાને ત્રણ લાખ રૂપિયા રોકડા , એક છાત્રાલયનું મકાન અને શક્ય હશે તો કાર્યકર્તા નિવાસો પણ બંધાવી આપીશું." અમારે માટે આ મોટું પ્રલોભન હતું. લપસી જવાય તેવી પરિસ્થિતિ હતી. અમે કહ્યું કે, "આ બાબત પર પૂરો વિચાર કરી જવાબ આપીશું." અમે પુખ્ત વિચારણાને અંતે જવાબ મોકલ્યો કે , "અમે આપની સહાયનો દિલગીરીપૂર્વક અસ્વીકાર કરીએ છીએ. આપની શુભ લાગણી બદલ આભાર. અમે વિદ્યાલયના મકાન ઉપર કોઈપણ વ્યક્તિ કે મંડળનું નામ લખી શકીએ તેમ નથી. આ મકાન માટે અહીંના એકએક માણસે તન-મન-ધનનો ભોગ આપેલ છે. અહીંના મકાનના પથ્થર અને ઈંટ પર આખા વિસ્તારના એક એક માણસનું નામ અવ્યક્ત રીતે નોંધાયેલ છે તેથી આપનું નામ લખવા અમે અશક્તિમાન છીએ. આપના સહકાર બદલ ખૂબ ખૂબ આભાર."



**જયાબહેન દ્વારા દંપતી-સન્માન**

બીજે મહિને આવું બીજું પ્રલોભન આવ્યું. તેને પણ અમે આભાર સાથે પાછું મોકલાવ્યું. આ પ્રલોભન અને લપસણા પ્રસંગોએ જો કોઈ પ્રેરક બળ રહ્યું હોય તો તે લોકભારતીનું સંસ્કારસિંચન અને જેમ નાનાદાદાએ દક્ષિણામૂર્તિની શ્રદ્ધા ઉપર દક્ષિણામૂર્તિ , ગ્રામદક્ષિણામૂર્તિ અને લોકભારતી જેવી ત્રણ ત્રણ સંસ્થાઓ ચલાવી તેમ અમને પણ કોઈ એક વ્યક્તિ પરની નહિ પણ ઈશ્વર પરની શ્રદ્ધા અને વિશ્વાસ તેમ જ બધા સાથે મળીને જે એકતાના બળથી કામ કર્યું તેને જ અમારું પ્રેરક બળ માનીએ છીએ.

અંતે

આજે સ્થાનિક લોકોના સહકારથી લગભગ ત્રણેક લાખ રૂપિયાનું વિદ્યાલયનું સુંદર મકાન ઊભું છે. હજુ ૬૦ થી ૭૫ છાત્રો રહી શકે તેવું સાદું છતાં સુવિધાયુક્ત છાત્રાલય અને કાર્યકર્તા નિવાસનાં મકાનો બનાવવાનું આયોજન છે.

લોકભારતીમાં જ્યારે અમે અભ્યાસ કરતા હતા ત્યારે ગુજરાત-સૌરાષ્ટ્રની ઘણી ઉત્તર બુનિયાદી શાળાઓ અને લોકશાળાઓ જોવાનો તથા ત્યાં રહેવાનો લાભ મળેલો. આમાંની અમુક શાળાઓને વિદ્યાર્થીઓની સંખ્યા શોધવા માટે જવું પડતું. તે સમયની મારી સમજણ મારી સમજણ પ્રમાણે મને બે કારણો લાગ્યાં હતાં :

૧. સામાન્ય રીતે આપણા સમાજની માન્યતા છે કે જે ભણે તે કામ ન કરે. જ્યારે આપણાં વિદ્યાલયોમાં શ્રમને પ્રથમ સ્થાન આપવામાં આવે છે. આ ઉપરાંત ખાદી પ્રત્યે પણ ઘણાને અણગમો હોય છે.

૨. લોકો એમ માને છે કે લોકશાળાઓમાં અંગ્રેજી , ગણિત અને વિજ્ઞાન જેવા વિષયો બરાબર સારી રીતે ભણાવવામાં આવતા નથી. આના કારણે વિદ્યાર્થીઓની પ્રગતિ રૂંધાય છે.

અમારા હાથમાં જ્યારથી આ ઉત્તર બુનિયાદી વિદ્યાલયનું સંચાલન આવ્યું ત્યારથી પ્રથમ દિવસથી જ ઉપરોક્ત માન્યતાઓ અમારા માટે પણ સાચી ન પડે માટે ખાસ તકેદારી રાખતા આવ્યા છીએ.

આવાં વિદ્યાલયોમાં જેમ અન્ય ભાષા વગેરે વિષયો સારી રીતે શીખવાય તેમ અંગ્રજી , ગણિત અને વિજ્ઞાનના વિષયોમાં ખાસ કાળજી લેતા આવ્યા છીએ. આનું પરિણામ એ આવ્યું છે કે અમારે વિદ્યાર્થીઓ શોધવા માટે જવું પડ્યું નથી. પ્રવેશ માટે અમારે ત્યાં એટલો ધસારો રહે છે કે ઘણીવાર કેટલાકને પ્રવેશ નહિ આપી શકવાને લીધે નારાજ કરવા પડે છે. અનુભવના અંતે એવું જણાયું છે કે છાત્રોને શ્રમ કે ખાદીનાં કપડાં સાથે કાંઈ વાંધો નથી કે સૂગ નથી. તેઓ તો પ્રેમના ભૂખ્યા છે. દરેક વિષયનું શિક્ષણ સારી રીતે આપવામાં આવે તો તેની પણ ઘણી છાપ પડે છે

આજે અહીંના છાત્રાલયમાં ૪૦ જેટલા છાત્રો છે. વિદ્યાલયમાં કુલ ૧૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. શક્ય હોય ત્યાં સુધી ૫ થી ૭ છાત્રોને લવાજમમાં આર્થિક રાહત પણ આપવામાં આવે છે. વિદ્યાર્થી ખેતીનું પ્રત્યક્ષ જ્ઞાન મેળવી શકે તેટલી સામાન્ય સગવડવાળી ખેતી પણ છે. છેલ્લાં છ વર્ષથી મૅટ્રિક (એસ. એસ. સી.)નો વર્ગ પણ શરૂ કરવામાં આવેલ છે. તેનું પરિણામ ક્યારેય ૭૫ ટકાથી નીચું નથી આવ્યું. બે વખત જિલ્લામાં પ્રથમ અને દરેક વર્ષે તો તાલુકામાં પણ અમારું વિદ્યાલય પ્રથમ આવે છે.

આ ઉપરાંત લોકશિક્ષણ માટે સાંસ્કૃતિક કાર્યક્રમો , ગ્રામસંપર્ક, ગ્રામસફાઈ, પ્રવાસ, પર્યટનો વગેરે તો અમારા કાર્યક્રમમાં હોય છે જ.

આ અતિ પછાત એવા વિસ્તારમાં ઉપરોક્ત શૈક્ષણિક સુવિધાઓનું નિર્માણ કરવામાં જો કોઈ પ્રેરણાસ્ત્રોત હોય તો તે લોકભારતીનાં સંસ્કાર-શિક્ષણ છે. મુશ્કેલીઓ , અગવડતાઓ અને નિરાશાના પ્રસંગે લોકભારતીમાંથી અમને મળેલું ભાથું ઉપયોગી બન્યું છે - બનતું રહ્યું છે. લોકભારતી અમારો સાચો પથપ્રદર્શક દરેક વખતે બની છે અને બનતી રહેશે એવી શ્રધ્ધા છે.

અસ્તુ...

------------------------------

### શ્રી સુરસંગ ચૌહાણ

શ્રી સુરસંગ પી. ચૌહાણનો જન્મ સને ૧૯૪૯ના જૂન માસની પાંચમી તારીખે ભાવનગર જિલ્લાના મોટા સુરકા ગામે થયો હતો. પ્રાથમિક શિક્ષણ મોટા સુરકામાં અને માધ્યમિક શિક્ષણ ગુરુકુલ હાઈસ્કૂલ – સોનગઢમાં લીધું. ઉચ્ચ શિક્ષણ મુખ્ય વિષય ઇતિહાસ સાથે વિશેષ યોગ્યતા મેળવી લોકભારતી સણોસરામાં સને ૧૯૭૦માં પૂર્ણ કર્યું. ત્યારબાદ ૧૯૭૧-૭૨માં ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદમાં પ્રથમ વર્ગ સાથે હિન્દી શિક્ષા વિશારદનો અભ્યાસ પૂર્ણ કર્યો.

નોકરીની શરુઆત જીવનશાળા-ગઢડા (સ્વામીના)માં વિજ્ઞાન શિક્ષક તરીકે કરી. ત્યારબાદ છેલ્લાં અગિયાર વર્ષથી જામનગર જિલ્લાના ટંકારિયા ગામે આવેલી 'લોકશાળા'માં આચાર્યપદ સંભાળે છે.

તેમને વાંચન , રમત-ગમત અને વિદ્યાર્થીઓની વિકાસલક્ષી પ્રવૃત્તિઓનો વિશેષ શોખ છે. શિક્ષકની સાથે સાથે લોકસંપર્ક કરી લોકશિક્ષણની પ્રવૃત્તિઓ હાલ તેઓ પોતાના કાર્યક્ષેત્રની આજુબાજુનાં ગામડાંમાં કરી રહ્યા છે. તેમણે અભ્યાસકાળ દરમ્યાન 'સુરત રેલ રાહત શિબિર ', 'ભરુચ ભૂકંપ રાહત શિબિર' અને ઑલ ઇન્ડિયા આંતર્ યુનિવર્સિટી કેમ્પ – અલ્મોડા કરેલ છે.